
સંતવાણી ગ્રંથાવલિ ૨૫

# શ્રી પુનિત મહારાજ



# શ્રી પુનિત મહારાજ

**(Shri Punit Maharaj)**


સંકલન

પ્રા. જયકૃષ્ણ ન. ત્રિવેદી

(મોરબી)



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ. ૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**નવ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટ સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# શ્રી પુનિત મહારાજ

# ૧. સંત પુનિત મહારાજ

## વતન, જન્મ અને સંસ્કારસિંચન

ધંધાર્થે જૂનાગઢ ગયેલા. મૂળ વતની ધંધૂકાના. વાલમ બ્રાહ્મણ. નારણદાસ વૃંદાવનદાસ ભટ્ટ સર્વેયર તરીકે નોકરી કરતા. નીતિમય જીવન ગાળતા. અનીતિનો એક પણ પૈસો ઘરમાં પ્રવેશી ન જાય તેની કાળજી રાખતા. પિતાના સંસ્કાર પુત્ર ભાઈશંકરમાં ઊતર્યા. ભાઈશંકરને નોકરી મળી ગઈ. તેમનું લગ્ન થઈ ગયું. તેમનાં ધર્મપત્નીનું નામ લલિતાબહેન હતું. ગાંધીજીની માતા પૂતળીબાઈની માફક ધર્મ પ્રત્યે અટલ શ્રદ્ધા લલિતાબહેન ધરાવતાં. જીજાબાઈએ શિવાજીને હિંદુ ધર્મગ્રંથો દ્વારા સંસ્કારસિંચન કર્યું હતું, તેવી રીતે લલિતામાતાએ બાળક બાલકૃષ્ણ('પુનિત' મહારાજનું મૂળ નામ)ને રામાયણ અને ભાગવતની કથાઓ દ્વારા ઉચ્ચ સંસ્કાર આપ્યા હતા. બાલકૃષ્ણનો જન્મ વિ. સં. ૧૯૬૪ વૈશાખ વદ બીજ, તા. ૧૫-૫-૧૯૦૮ને રોજ થયો હતો. રોજ સવાર-સાંજ આરતી વેળાએ લલિતાબહેન બાલકૃષ્ણને મંદિરે લઈ જતાં. આ રીતે તેને નાનપણથી જ ધર્મના સંસ્કાર મળ્યા હતા. પ્રહ્‌લાદની માફક બાળપણમાં પ્રભુભક્તિમાં લીન બનેલો બાલકૃષ્ણ શ્રીરામનામની ધૂન બોલાવે ત્યારે આ બાળભક્તને નીરખીને સૌને આનંદ થતો. લલિતાબહેન પોતાને ત્યાં ભિક્ષુ નારાયણને જમાડે. બાલકૃષ્ણને આંગણે આવેલા અભ્યાગતની સેવા કરવામાં અનેરો આનંદ આવતો. લલિતાબહેનને પોતાના પતિ તરફથી આ બાબતમાં પ્રેમભર્યો સહકાર મળી રહેતો.

## પિતાનો પરલોકવાસ

ભાઈશંકરભાઈ પ્રેમાળ સ્વભાવના હતા. પારકાને પોતાના કરી લેવાની તેમનામાં કળા હતી. કુતિયાણાના એક મેમણ સાથે તેમને મિત્રાચારી થઈ હતી. આ મેમણના એક સંબંધીની કોલંબોમાં મોટી દુકાન હતી. ભાઈશંકરને ત્યાં નોકરી અપાવવા મેમણે જણાવ્યું. લલિતાબહેને પરદેશ જવા ઈચ્છતા પતિને સંમતિ આપી. ભાઈશંકર કોલંબો પહોંચી ગયા. નોકરી મળી, પરંતુ ત્યાંનાં હવાપાણી માફક ન આવ્યાં. તબિયત બગડી ગઈ. સારા પગારની નોકરી છોડીને પાછા ફરવું પડ્યું. માતા અને પત્નીએ સેવા સારી કરી, પુષ્કળ પૈસા ખર્ચ્યા, પરંતુ તબિયતમાં ફેર પડ્યો નહીં. પુત્ર ભાઈશંકરે પાર્વતીમાને પોતાનો અંતકાળ નજીક હોવાનું જણાવ્યું. પિતાએ બાલપુત્ર બાલકૃષ્ણને પોતાની પાસે બોલાવ્યો. પુત્રને સ્નેહાળ હાથ ફેરવતાં કહ્યું, ''તારી માતાનો તું એકમાત્ર આધાર છે. તારી માની સેવા કરજે અને તેની આશિષ લેજે.'' પિતાનાં અંતિમ વાક્યો સાંભળી બાલકૃષ્ણની આંખમાં આંસુ આવ્યાં. એક ખૂણામાં ઊભેલાં લલિતાબહેન આ અસહ્ય દુઃખ જોઈને રડી પડ્યાં. પાર્વતીમાએ પુત્રવધૂને કહ્યું, ''વહુબેટા, તું રડીશ તો છેલ્લી વિદાય લેતા આત્માનો અંતકાળ બગડશે. આ સમયે તો પ્રભુનું નામ લેવાનું હોય.'' લલિતાબહેન 'શ્રીકૃષ્ણ શરણં મમ' બોલવા માંડ્યાં. પાર્વતીમાએ સૂર પુરાવવા માંડ્યો. પોતાની સામેના શ્રીકૃષ્ણના ફોટાને વંદન કરતાં કરતાં ભાઈશંકર પણ ધૂન ઝીલતા હતા. બાલકૃષ્ણ પણ પિતાની સાથે ધૂન બોલવા માંડ્યો. યુવાન વયે ભાઈશંકર માતા, પત્ની અને પુત્રને રામભરોસે છોડીને પરલોક ગયા.

**ધંધૂકામાં પાછા ફર્યા — સત્સંગનો આધાર**

લલિતાબહેનને પતિનું અવસાન વજ્રાઘાત સમાન હતું, છતાં કઠણ હૈયું કરીને બાલકૃષ્ણના ઉછેરમાં લાગી ગયાં. જૂનાગઢ છોડીને વાલમ કુટુંબ વતન ધંધૂકામાં આવ્યું. 'કાલ સવારે મારો બાલુ મોટો થઈ જશે અને દુઃખ દૂર થશે.' એવી આશા સેવતાં લલિતાબહેન કઠણ કાળજું કરીને દિવસો વ્યતીત કરતાં હતાં. સાસુ પાર્વતીમાની (તન-મનથી) સેવા કરતાં. તેમને જરાયે ઓછું ન આવે તેની કાળજી રાખતાં.

લલિતાબહેને નાના બાલકૃષ્ણને મંદિરે લઈ જવાનું ચાલુ રાખ્યું હતું. માતાના સંસ્કારને લીધે બાલકૃષ્ણની જીભે 'જય શ્રીકૃષ્ણ' શબ્દ રમતો થઈ ગયો હતો.

સંસારનું દુઃખ ભૂલવા માટે લલિતાબહેન બાલકૃષ્ણને સત્સંગમાં લઈ જતાં. ધંધૂકામાં એક વાર રામાયણ-કથા થતી હતી. ભક્તિભાવે કથાકાર મધુર કંઠથી તુલસીની ચોપાઈઓ લલકારતા હતા. 'સીતારામની જય' બોલનારો નાનકડો બાલકૃષ્ણ તેમને બહુ ગમી ગયો. તેને વ્યાસપીઠ પર બેસાડ્યો. બાલકૃષ્ણ પ્રેમથી રામનામની ધૂન બોલાવતો. બધા શ્રોતાઓ તેના પર પ્રસન્ન રહેતા. પ્રહ્‌લાદની માફક બાળમિત્રો ભેગા કરીને રામધૂન બોલાવવામાં બાલકૃષ્ણને અનેરો આનંદ આવતો. ઠીકરાંના મંજીરા બનાવી તાલબદ્ધ રીતે તે હરિધૂન ગાતો. પાર્વતીમા અને લલિતાબહેન બાલકૃષ્ણની ભક્તિ જોઈ પ્રસન્ન થઈ જતાં.

**ભાવસમાધિ**

એક વાર બાલકૃષ્ણ મેડી પર એકલો રામધૂન બોલી રહ્યો

હતો. સ્વામી શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવી ભાવસમાધિ લાગી ગઈ હતી. દેહભાન ભુલાઈ ગયું હતું. ઓચિંતાં મેડી પર ગયેલાં લલિતાબહેને જોયું કે પુત્ર પ્રભુધૂનમાં એકબે ડગલાં હવે આગળ વધશે તો સળિયા વિનાની બારીમાંથી નીચે પડીને મૃત્યુશરણ થશે. સમયસૂચકતાથી, યુક્તિ કરીને માતાએ પુત્રને બચાવી લીધો. ભાવસમાધિ તૂટતાં તે અંગે માતાને મીઠો ઠપકો આપતાં પુત્રે કહ્યું, ''પ્રભુમાં સમાધિસ્થ થયેલ મને કેમ વિક્ષેપ કર્યો ? મા, ઈશ્વર મારું રક્ષણ કરનારો છે.'' બાલકૃષ્ણના મનમાં બચપણથી જ ઈશ્વર પ્રત્યેની કેટલી અટળ શ્રદ્ધા !

**ઢબુની ચોરી, ચોરી ન કરવાની પ્રતિજ્ઞા**

એક વાર પેંડો ખાવાની લાલચ નહીં રોકી શકવાથી બાલુએ ઢબુપૈસાની ચોરી કરી. પરંતુ ગાંધીજીએ જેમ સોનાના કડાની ચોરીની કબૂલાત કરી હતી, તેમ બાલુએ પણ ચોરી કર્યાનું સ્વીકારી લીધું અને ફરીથી ચોરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી. પાળી પણ ખરી.

**પુત્ર માટે માતાની મંજૂરી**

લલિતામા ઘંટીમાં લોકોનું અડધો મણ અનાજ રોજ દળી એક આનો મજૂરીનો મેળવતાં. ઉપરાંત લોકોનાં પાણી, વાસણ, કપડાંનું કામ કરીને ગુજરાન ચલાવતાં. બાલુને મા પર દયા આવતી અને આવાં કામ છોડી દેવા માને કહેતો, પરંતુ માને ગુજરાન ચલાવવા લાચારીથી પારકાં કામ કરવાં પડતાં.

**જોશીની આગાહી**

એક વાર કપાસનાં કાલાં ફોલતાં માને બાલુ રવિવારની રજાએ મદદ કરતો હતો. આંગણે આવેલા જોશીએ બાલુને જોઈ

આગાહી કરી કે તે એક દિવસ મહાપુરુષ થશે. જન્મકુંડળી જોતાં જોશીએ કહ્યું કે તેને નવમે વર્ષે ઘાત છે. તેમાં બચી જશે તો લોકોનાં જીવન ભક્તિભાવથી ભરી દેશે. જોશીની આગાહી પ્રમાણે નવમા વર્ષે બાલુને આખા શરીરે બળિયા નીકળ્યા. તેની કાળી બળતરા તે સહન કરી રહ્યો હતો. ઈશ્વરમાં અડગ શ્રદ્ધા ધરાવતો બાલુ સિયારામની ધૂન મનમાં બોલીને પોતાનું દુઃખ ઓછું કરતો. પાડોશી દિવાળીમાએ બાલુની છેલ્લી સ્થિતિ જોઈને અંતિમ ક્રિયા માટે લલિતામાને સૂચના આપી. પોતે પણ મદદરૂપ થયાં. લલિતામાની પ્રભુ પ્રત્યેની પ્રાર્થના ચાલુ હતી. સાચા દિલની પ્રાર્થના વ્યર્થ જતી નથી. લલિતામાની હૃદયપૂર્વકની પ્રાર્થના પ્રભુએ સ્વીકારી અને બાલુ મૃત્યુના મુખમાંથી ઊગરી ગયો.

**કરકસરનું પગલું**

કરકસરના પગલા તરીકે બાલુની હજામત પર કાપ આવ્યો. છ મહિના એમ ને એમ કાઢી નાખ્યા. સુંદર વાંકડિયા વાળમાં શોભતા બાલકૃષ્ણની એક ઈર્ષાળુ માણસે ટીકા કરી, ''બાલુ, તું નાટક કંપનીમાં સ્ત્રીનો પાઠ લેવા માગે છે કે શું ?'' તેને આ ટીકા ન ગમી. તે સીધો મા પાસે આવ્યો, અને રડતાં રડતાં મા પાસે હજામતના પૈસા માટે હઠ કરી. નાછૂટકે માએ તાંબાનો ઘડો વેચીને હજામતના પૈસા બાલુને આપ્યા. બાળક રાજી થઈ ગયો.

**કવિતાનાં મંગલાચરણ : કવિ તરીકે**

બાલકૃષ્ણ પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂરો કરીને માધ્યમિક શાળામાં દાખલ થયો. શાંતિમિયાં નામના એક મુસ્લિમ સંસ્કારી શિક્ષક મળી ગયા. આ શિક્ષક વેદના જાણકાર અને કવિ

હતા. તેઓ સારા શિક્ષક પણ હતા. વિદ્યાર્થીઓને તેઓ રોચક શૈલીમાં દષ્ટાંત સહિત જ્ઞાન આપતા. તેઓ પોતાની બનાવેલી તેમ જ પ્રાચીન અને અર્વાચીન કવિઓની કવિતા લલકારતા. બાલકૃષ્ણ પર શાંતિમિયાંના સંસ્કાર પડ્યા. તેને આવી કવિતા રચવાની તાલાવેલી લાગી. ઘેર આવીને કવિતા લખવા ભારે જહેમત ઉઠાવવા માંડી. વખત જતાં તે કાવ્યો રચવા માંડ્યો.

**ગોર મહારાજની ભૂમિકા**

ભરવાડ કોમમાં બાર વર્ષે સમૂહલગ્ન થાય છે. આ લગ્નમાં નાના બાળકથી માંડીને ૧૨ વર્ષના કિશોરનાં લગ્ન લેવાય છે. એ અવસર આ વખતે આવ્યો. કન્યાને પરણાવવા ગોર મહારાજ જોઈએ. ગોરની તંગી પડવાથી એક ભરવાડ બાલકૃષ્ણને સમજાવીને ગોર તરીકે લઈ ગયો. ૫૦ કન્યાઓનાં એકસાથે લગ્ન હતાં. સમૂહલગ્નમાં ઘણો ઘોંઘાટ હતો. પોતાના જેવા નાની ઉંમરના ગોર મહારાજો જોઈને બાલકૃષ્ણને હિંમત આવી. ગોખેલી કવિતાઓ ભારે ઘોંઘાટ વચ્ચે બોલવા માંડ્યો. આ રીતે ત્રણ કન્યાઓને પરણાવીને મળેલા બધા પૈસા માતાને ચરણે ધરી દેતાં માને મદદરૂપ થવાનો અનેરો આનંદ તેને આવ્યો.

**લગ્ન નક્કી થયું**

બાલકૃષ્ણની સગાઈ તો ક્યારનીયે થઈ ગઈ હતી, વેવાણ મણિબહેને લગ્ન માટે લલિતાબાને કહેવડાવ્યું. તેઓ મણિબહેનને મળ્યાં. તેમણે કહ્યું કે, ''વેવાણ, તમે લગ્નની ઉતાવળ ન કરો તો સારું. મારો બાલુ હજુ તો ભણે છે. મૅટ્રિક થતાં ચારેક વર્ષ થશે. ત્યાં સુધી રોકાઈ જાઓ તો કેમ ?'' મણિબહેને કહ્યું, ''મારે એકસાથે બંને દીકરીઓના પ્રસંગ થઈ

જાય તો વધારે અનુકૂળતા આવે.'' લલિતામાએ વેવાણની વાત સ્વીકારી. ઘરે આવ્યાં. મકાન ગીરે મૂકીને પૈસાની સગવડ કરી, અને બાલકૃષ્ણના લગ્નની તૈયારી થવા લાગી.

**અભ્યાસ પડતો મૂક્યો**

બાલકૃષ્ણને બળિયા થયા હોવાથી આંખોમાં ઘણી ગરમી રહેતી. વધારે વાંચી શકાતું નહીં. મૅટ્રિકનો અભ્યાસ હતો. ડૉક્ટરે ચશ્માં પહેરવાની સલાહ આપી હતી, પરંતુ તે ખરીદવાની શક્તિ ન હતી. મા પારકાં કામ કરીને ઘરનું માંડ પૂરું કરતી. પોતે લગ્ન કરેલું હોવાથી મા પર એક વ્યક્તિનો બોજો વધી ગયો હતો. માનું દુઃખ બાલકૃષ્ણ સહન ન કરી શક્યો, અને માને સમજાવી નોકરી કરવા માટે મૅટ્રિકનો અભ્યાસ છોડ્યો. ઘણા વખત સુધી નોકરી માટે કરેલા પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. નાનીમોટી નોકરી માટે ઈશ્વરને પ્રાર્થના કરી.

**પોસ્ટમાં પટાવાળાની નોકરી**

બાલકૃષ્ણને છેવટે પોસ્ટઑફિસમાં પટાવાળાની નોકરી મળી ગઈ. નિષ્ઠાપૂર્વક નોકરી કરીને પોસ્ટમાસ્તરનો પ્રેમ સંપાદન કર્યો. નોકરી હંગામી હતી. અગિયાર રૂપિયાનો પહેલો પગાર લાવીને માને અર્પણ કર્યો. પહેલો પગાર પ્રભુને ચરણે ધરવાનો સંકલ્પ કર્યો હોવાથી તેમ કર્યું. બાલકૃષ્ણે માની ઇચ્છામાં પોતાની ઇચ્છા ભેળવી દીધી. પ્રભુને પહેલો પગાર અર્પણ કરવાનું રહસ્ય સમજાવીને માએ કહ્યું, ''આ નોકરી તને પ્રભુએ અપાવી છે તેનું સતત સ્મરણ થશે. તારે જેની સાથે નોકરી કરવાની છે તે સૌમાં પ્રભુ વસેલા છે. તેથી દરેક કાર્ય પ્રભુ પ્રીત્યર્થે કરવું.'' માએ આપેલા આવા ઉચ્ચ સંસ્કારે

બાલકૃષ્ણના જીવનઘડતરમાં મહત્ત્વનો ફાળો આપેલો દેખાય છે.

**અખબારી દુનિયામાં**

રોજ છાપામાં જાહેરખબર જોતાં બાલકૃષ્ણની નજર 'ગર્જના' દૈનિકમાં કારકુનની જગ્યાની જાહેરાત પર પડી. શેઠ શ્રી જી. કે. માવળંકરને મળ્યો. શક્તિ પ્રેસ દ્વારા 'ગર્જના' દૈનિક ચાલતું હતું. બાલકૃષ્ણને છાપાનો અનુભવ ન હતો, પરંતુ પંદર દિવસમાં નવું કામ શીખી લેવાની બાલકૃષ્ણની શ્રદ્ધા પર વિશ્વાસ રાખી શેઠે તેને નોકરીમાં રૂ. ૨૮ના માસિક પગારથી રાખી લીધો. બાલકૃષ્ણે માતાને પત્ર દ્વારા આ શુભ સમાચાર જણાવ્યા.

નોકરીને પહેલે દિવસે ખંતપૂર્વક રવાનગી વિભાગમાં કામ કર્યું. શેઠે પ્રભાવિત થઈ તેને ક્યાં રહે છે તે પૂછ્યું. અને ફૂટપાથ પર પડી રહેતા બાલકૃષ્ણને શેઠે પ્રેસમાં રહેવાની સગવડ કરી આપી. પગાર પેટે પહેલે જ દિવસે એડ્વાન્સના રૂ. ૧૫ આપ્યા. તેમાં રૂ. ૧૦નો માતાને મનીઑર્ડર કર્યો. શ્રી માવળંકરે બાલકૃષ્ણને લાલ દરવાજા પાસેની સભાનો રિપોર્ટ લેવાની કામગીરી સોંપી. તેણે ખૂબ ઝીણવટપૂર્વક સભાનો રિપોર્ટ તૈયાર કર્યો. તેથી શેઠ પ્રસન્ન થયા. આ કાર્યથી ખબરપત્રીની નવી જવાબદારી સોંપી અને રૂ. ૭નો પગારવધારો કર્યો. સાથે સાથે ગમે તેની શેહશરમમાં ન તણાવા જણાવ્યું અને હકીકતમાં જરાયે ફેરફાર ન કરવા સૂચના આપી. બાલકૃષ્ણને પ્રગતિના પંથે આગળ વધવામાં એ વાત બહુ ઉપયોગી બની રહી. ધંધૂકે પુત્રીરત્ન પ્રાપ્ત થયાના સમાચાર જાણ્યા.

'ગર્જના' દૈનિકે અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરી દીધી.

અસહકારના આંદોલનના આગઝરતા અહેવાલો તેમાં પ્રગટ થતા હતા. બાલકૃષ્ણની કુશળ કલમ આ ક્રાંતિકારી લખાણમાં કામે લાગી હતી. આ અરસામાં મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીકૂચ યોજાઈ હતી. માવળંકરે તેનો અહેવાલ લેવા બાલકૃષ્ણને મોકલ્યો. 'વિરાટ જાગે છે ત્યારે....' એ શીર્ષક નીચે દાંડીકૂચનું આબેહૂબ ચિત્ર રજૂ થયું. સરકારી અમલદારો આ અહેવાલથી ચોંકી ઊઠ્યા.

લલિતાબા અમદાવાદ લાખા પટેલની પોળમાં રહેતા હરગોવિંદભાઈને ત્યાં આવ્યાં છે એવા સમાચાર મળતાં બાલકૃષ્ણ માતાની પાસે પહોંચી ગયો. લલિતાબહેન અમદાવાદ રહે ત્યાં સુધી બાલકૃષ્ણ પોતાને ત્યાં જમશે એમ હરગોવિંદભાઈએ જાહેર કર્યું. તેથી બાલકૃષ્ણને હવે લૉજને બદલે માતાની સ્વાદિષ્ટ રસોઈ જમવાની તક મળી.

હરગોવિંદભાઈએ પત્નીની સુવાવડ માટે જ લલિતાબાને બોલાવ્યાં હતાં. લલિતાબાએ હરગોવિંદભાઈને ત્યાં ઘરનો બધો જ વહીવટ કુશળતાપૂર્વક સંભાળી લીધો હતો. મહિનો પૂરો થતાં હરગોવિંદભાઈસે પગારના રૂ. ૧૫ લલિતાબાને આપવા માંડ્યા, પણ બાલકૃષ્ણ ત્યાં જમતો હોવાથી હરગોવિંદભાઈનો ઘણો આગ્રહ હોવા છતાં તે રકમ ન લીધી.

લલિતાબા બે મહિના પછી વતન જવા તૈયાર થયાં પરંતુ બાલકૃષ્ણે માતાને રોકી લીધાં અને બે દિવસમાં રાયપુર પીપરડીની પોળમાં મકાન ભાડે રાખી લીધું, અને પત્નીને પિયરથી તેડી લાવ્યા.

## અખબારી આલમની નવાજૂની

બાલકૃષ્ણને આ સુખ હાથતાળી આપીને જતું રહ્યું. સરકારની કરડી નજર 'ગર્જના' પર પડી. દાંડીકૂચ અને આંદોલનના અન્ય અહેવાલોને લીધે સરકારે 'ગર્જના' પ્રકાશન પર પ્રતિબંધ મૂક્યા, અને માવળંકરની ધરપકડ થઈ. માફી ન માગે તેવા વીર માવળંકરને સરકારે ત્રણ મહિના પછી જેલમુક્ત કરવા પડ્યા.

સરકારે પાણીને મૂલે પ્રેસની હરાજી કરાવી દીધી. રાજનગર ટાઈપ ફાઉન્ડ્રીવાળા પરસોતમદાસ પટેલે (દાસકાકાએ) એ પ્રેસ હરાજીમાં લઈ લીધું. પછી દાસકાકાએ માવળંકરને મળી તેમને પ્રેસ પાછું સોંપી દીધું. માવળંકરે પ્રેસના કર્મચારીઓને બોલાવી દરેકને ત્રણ મહિનાનો પગાર ચૂકવી દીધો અને પ્રેસ ફરીથી ચાલુ થયું. પરંતુ માવળંકરનો એકનો એક પુત્ર મરણ પામવાથી તેમણે પ્રેસ બંધ કરી દીધું. તેથી શક્તિ પ્રેસ અને ગર્જના કાર્યાલયના કર્મચારીઓ બેકાર બની ગયા. આપણો બાલકૃષ્ણ પણ બેકાર થયો.

## લલિતનો તંત્રી બન્યો

ખાડિયા ચાર રસ્તે આવેલી આતંક નિગ્રહ ફાર્મસીમાં તેને આઠ રૂપિયાના બહુ જ ટૂંકા પગારની નોકરી લાચારીથી સ્વીકારવી પડી. બાલકૃષ્ણે આ નવી નોકરીમાં પણ પૂરા ખંતથી કામ કરવા માંડ્યું. એક ભાઈ સાથે ઓળખાણ થઈ. તેઓ બાલકૃષ્ણને રેવડી બજારમાં આવેલા એક પ્રેસમાં લઈ ગયા. શ્રી અમૃતલાલ જી. શાહ સાથે પરિચય કરાવ્યો અને નવા માસિક માટે એક કાબેલ માણસની શોધમાં અમૃતલાલ હતા. બાલકૃષ્ણની પાસે 'ગર્જના'નો અનુભવ હતો. એટલે અમૃતલાલે

તેમને ત્રીસ રૂપિયાના પગારથી નોકરીમાં રાખી લીધા. એક મહિના સુધી તો નવા માસિકમાં કયા કયા વિભાગો શરૂ કરવા અને કઈ કઈ સાહિત્યસામગ્રી તેમાં પીરસવી એ બાબતની ચર્ચા ચાલી. 'ગર્જના'ના અહેવાલો લખતાં લખતાં જ બાલકૃષ્ણને બીડી-સિગારેટનું વ્યસન પડી ગયું હતું. અમૃતલાલની સાથે બાલકૃષ્ણ પણ ચેઈન સ્મોકર થઈ ગયો. ચાના ઉપરાઉપરી કપ પીવાને કારણે બાલકૃષ્ણને વધારે ભૂખ લાગતી નહીં. ખોટી ભૂખ જીભના સ્વાદને જગાડતી. તેથી ભજિયાં, ગાંઠિયા અને ચટણીથી તૃપ્ત થતી.

એક માસની પૂરી તૈયારી પછી લલિતાબાના નામ પરથી 'લલિત' માસિક તરીકે પહેલો અંક બહાર પડ્યો. સમાજની જૂની રૂઢિઓ પર આકરા પ્રહારો થયા, અને જુનવાણી માણસો ચોંકી ઊઠ્યા. બાલકૃષ્ણની સફળ કલમને કારણે 'લલિત' માસિકને ધાર્યા કરતાં સારો આવકાર મળ્યો.

**'વીણા' સાપ્તાહિક શરૂ કર્યું**

'લલિત'ની સફળતાથી પ્રોત્સાહિત થયેલા અમૃતલાલે નવું સાપ્તાહિક શરૂ કરવા બાલકૃષ્ણ આગળ વાત મૂકી. અજવાળી આલમના સફેદ બુરખામાં સંતાયેલા શેતાનો વધારે ભયંકર હોવાથી તેમના દંભનો પડદો ચીરવાનું આ નવા સાપ્તાહિકમાં શરૂ કરવાનું નક્કી થયું. અમૃતલાલને આ વાત ગમી. 'લલિત'ના પ્રકાશન પછી ત્રણ મહિને આ નવું સાપ્તાહિક 'વીણા'ને નામે પ્રગટ થયું અને લોકોમાં સારો આવકાર પામ્યું. કાગના ડોળે લોકો તેના નવા અંકની રાહ જોતા. 'લલિત' કરતાંયે તે વધારે લોકપ્રિય બની ગયું.

## ન્યૂ હાઈસ્કૂલમાં નોકરી

અમૃતલાલના આગ્રહથી બાલકૃષ્ણે બીજી પાર્ટટાઈમ નોકરી અમદાવાદની ન્યૂ હાઈસ્કૂલમાં મેળવી લીધી. ક્લાર્કની નોકરી કરતા અને સાથે સાથે શિક્ષકની નોકરી પણ એ જ સ્કૂલમાં બજાવતા.

## પત્રકારની ખુમારી

બાલકૃષ્ણ કોઈની વાત સાંભળીને સમાચાર છાપતો ન હતો. સચ્ચાઈની ચોકસાઈ જાતે જ કરી લેતો. 'વીણા'નો અંક બહાર પડતો અને જુલમી રાજા-રજવાડાંનાં હૈયાં ગભરાઈ ઊઠતાં. કાઠિયાવાડના એક મોટા રાજવીનાં કરતૂતો 'વીણા'માં બાલકૃષ્ણે છાપ્યાં. રાજા ક્રોધે ભરાયો. તેનો દીવાન અમદાવાદ આવીને બાલુભાઈને મળ્યો. પ્રલોભનો આપ્યાં. મીઠી વાણી ઉચ્ચારી. ચલણી નોટોનાં બંડલો આપવા માંડ્યાં. બધું વ્યર્થ ગયું. ત્યારે છેવટે બાલકૃષ્ણ અને અમૃતલાલને ખૂનની ધમકી પણ આપી, છતાં બંને નીડર રહ્યા. આખરે હતાશ વદને દીવાન પાછો ફર્યો.

## દૈનિક શરૂ કરવાનો વિચાર : તેથી ખુવારી

દૈનિક કાઢવાનો પ્રસ્તાવ બાલકૃષ્ણે અમૃતલાલ આગળ મૂક્યો. તેમણે તે સહર્ષ સ્વીકારી લીધો. પરંતુ ભાગીદારો વિના એ કામ થઈ શકે નહીં. અમૃતલાલને બે ભાગીદાર મળી ગયા. બાલકૃષ્ણે તેમને દૈનિકની વિગતો સમજાવી. તેઓ સંમત થયા. ભાગીદારીનો દસ્તાવેજ કોર્ટમાં રજિસ્ટર થયો. નવી મશીનરીના ઓર્ડર મુકાઈ ગયા. 'લલિત' અને 'વીણા' બરાબર ચાલતાં હતાં. તેથી કેટલાક ઈર્ષાળુ લોકોએ પેલા ભાગીદારોને ભંભેર્યા. ધંધામાંથી છૂટા થઈ જવાની સલાહ આપી. ભાગીદારો

અમૃતલાલ પાસે આવ્યા. બાલકૃષ્ણ તે વખતે હાજર ન હતા. ભાગીદારોએ તો છૂટા થવાનો આગ્રહ પકડી રાખ્યો. અને છેલ્લે પરખાવ્યું કે, ''એક અઠવાડિયામાં અમારા પૈસા પાછા આપજો નહીં તો કાયદેસર પગલાં લેવાશે.'' બાલકૃષ્ણને આ વાતની ખબર પડી. અમૃતલાલે કહ્યું કે, ''ભાગીદારો આપણી સામે પડ્યા છે એટલે પૈસા વસૂલ કરવા પ્રેસ પર સીલ મારશે, 'લલિત' તેમ જ 'વીણા'નું પ્રકાશન બંધ થઈ જશે, કારીગરો બેકાર થશે અને આપણી પણ આવી જ સ્થિતિ થશે.'' બાલકૃષ્ણને તેથી વધારે ચિંતા થવા લાગી. બંને જણ છૂટા પડ્યા. બાલકૃષ્ણને આમ ઓચિંતો ઘેર આવેલો જોઈ લલિતામાને ચિંતા થઈ. ખબર પૂછી. પુત્રને માથે ચિંતાનો ભાર છે તે જાણી લઈ પ્રભુને તે ચિંતા સોંપી દેવા જણાવ્યું.

ભાગીદારોની નોટિસો અમૃતલાલ અને બાલકૃષ્ણને મળી. અઠવાડિયામાં પૈસા ન મળે તો કાયદેસર પગલાં લેવાનું તેમાં જણાવ્યું હતું. બાલકૃષ્ણે અમૃતલાલને હિંમત આપી. ભાગીદારોએ પ્રેસ પર સીલ લગાડી દીધાં.

**મકાનમાલિકની જોહુકમી**

કોર્ટનો બેલિફ સમન્સ બજાવવા ઘેર આવ્યો ત્યારે બાલકૃષ્ણ ઘેર ન હતો. ઘરનાં માણસો તો ગભરાઈ ગયાં. મકાનમાલિકે વાત જાણી કે બાલકૃષ્ણ પૈસાની લેવડદેવડમાં ફસાયો છે. એટલે તે ગમે તેમ બોલવા લાગ્યો. છતાં લલિતાબા કે અન્ય કોઈ ઘરમાંથી બહાર આવ્યું નહીં. રાત્રે બાર વાગ્યે બાલકૃષ્ણ ઘેર આવ્યો ત્યારે મકાનમાલિકે તેને જોઈને બેફામ બોલવા માંડ્યું. તેણે અત્યારે ને અત્યારે જ મકાન ખાલી કરવા બાલકૃષ્ણને

જણાવ્યું. બાલકૃષ્ણે મકાનમાંથી સામાન બહાર કાઢ્યો. ઘરનાં માણસોએ મદદ કરી. બીજે દિવસે નાઈવાડામાં શેષશાયી ભગવાનની પોળમાં મકાન મળી ગયું.

**ભાઈબંધને આપઘાતમાંથી ઉગારી લીધા**

સુખ ડોકિયાં કરીને જતું રહ્યું. ફરી પાછું દુઃખ આવી પડ્યું. પ્રેસ પર સીલ લાગી ગયાં હતાં. બાલકૃષ્ણની ન્યૂ હાઈસ્કૂલની નોકરી પણ છૂટી ગઈ હતી. તેની સાથે અમૃતલાલ પણ બેકાર બની ગયા હતા. બંને મિત્રો એકબીજાને હિંમત આપતા. બાલકૃષ્ણને ત્યાં બીજી પુત્રી(મધુ)નો જન્મ થયો. પુત્રને ચિંતા કરતો જોઈ લલિતાબાએ કહ્યું કે, ''બેટા, હું પારકા ઘરનાં કામ કરીશ. તું ચિંતા છોડી દે.'' પરંતુ યુવાન બાલકૃષ્ણ હવે માને પારકાં કામ કરવા દેવા તૈયાર ન હતો.

રાયપુર નાઈવાડાનું મકાન પણ બદલવું પડ્યું. રાયપુર કાપડીવાડના ચોકઠામાં મકાન મળી ગયું.

બાલકૃષ્ણને અમૃતલાલનો ખાડિયામાં ભેટો થઈ ગયો. બંને જણ હોટલમાં ગયા અને ચા પીધી. અમૃતલાલ બહુ હતાશ હતા. આપઘાત કરવાની તૈયારી કરીને ઘેરથી નીકળ્યા હતા. ઝેરી દવા પીને જિંદગીનો અંત આણવાનો વિચાર કર્યો હતો. બાલકૃષ્ણે તેમને હિંમત આપી. 'વીણા' અને 'લલિત' દ્વારા લોકોમાં ઉત્સાહ રેડનાર આ બંનેમાંથી જો કોઈ આપઘાત કરે તો લોકો તેમની પામરતાની કેવી હાંસી ઉડાવશે એવી વાત અમૃતલાલ આગળ બાલકૃષ્ણે કરી, અને તેમને આપઘાત ન કરવા સમજાવીને તે પ્રમાણે વચન પણ લીધું.

**મૃત પુત્રને ઢાંકવા કફન ન હતું**

બાલકૃષ્ણને ત્યાં પુત્ર(પ્રદ્યુમ્ન)નો જન્મ થયો. ભારોભાર ગરીબાઈને કારણે પુત્રજન્મનો આનંદ ક્યાંથી હોય ?

બાલકૃષ્ણે તો ફરીથી પાછી પરચૂરણ મજૂરી કરવા માંડી હતી. નવ મહિનાના પ્રદ્યુમ્નની તબિયત વધારે બગડતી જતી હતી. બાલકૃષ્ણને પણ હવે ખાંસી થઈ હતી, શરીર નબળું પડતું હતું. અડધા દિવસની મજૂરીના આઠ આના લઈને લોટ વગેરે ખરીદીને ઘેર જવા નીકળ્યો. રસ્તામાં અમૃતલાલ મળી ગયા. કેસ જીતી ગયાના સમાચાર આપ્યા. પરંતુ પ્રેસ ઘણા સમયથી બંધ રહેવાને કારણે માલની માટી થઈ ગઈ હતી, તેથી જીત હાર જેવી જ હતી.

બાલકૃષ્ણ મિત્ર પાસેથી છૂટો પડી પ્રદ્યુમ્નની દવા લેવા ગયો. દવાના ચાર આના વૈદ્યે રોકડા માગ્યા, પરંતુ પાસે બે આના હતા. એક સંબંધી પાસેથી ઉછીના લઈને દવા લીધી. તે ઘેર આવ્યો. પુત્રનું અવસાન થયાનું જાણ્યાથી વધારે આઘાત લાગ્યો. ઉછીના પૈસા લઈને લાવેલી દવા નિરર્થક નીવડી. જમીન પર સૂતેલા મૃત બાળકને ઢાંકવા માટે કફન ન હતું. લલિતાબાએ કફન લઈ આવવા તેને કહ્યું. કેટલી કરુણ સ્થિતિ !

**ક્ષયરોગનો ભોગ**

છૂટક મજૂરીમાંથી પેટપૂરતું ખર્ચ માંડ માંડ નીકળતું. ખોરાકમાં દૂધ, ઘીનાં તો દર્શન પણ થતાં નહીં. મજૂરીને લીધે શરીર ઘસાવા લાગ્યું. ચા અને બીડીને લીધે ક્ષયરોગ છેલ્લી કક્ષાએ પહોંચી ગયો. ડૉક્ટરે દવા લખી આપી. દવા મોંઘી હતી. દવા ઉપરાંત ઘી, દૂધ, ફળ વગેરે લેવાની સૂચના હતી.

દવા સતત ચાલુ રાખવાની હતી, અને તે ઉપરાંત સૂકા પ્રદેશમાં-હવા ખાવાના સ્થળે જવાની સલાહ પણ હતી. કારમી ગરીબાઈમાં બાલકૃષ્ણને આ બધું ક્યાંથી પાલવે ? જગતનું લેણદેણ પૂરું થઈ ગયું છે એમ બાલુભાઈએ મનથી નક્કી કરી લીધું. તે આપારાવ લાઈબ્રેરી તરફ ગયો. વાંચન-રસ તેને જીવનમાં કંઈક આનંદ આપતો હતો. બાકી તો રોગગ્રસ્ત જીવન બોજારૂપ હતું.

**જીવનપરિવર્તન**

બાલકૃષ્ણ કામનાથ મહાદેવ પાસેથી લાઈબ્રેરી જવા પસાર થઈ રહ્યો હતો ત્યાં તેને જબરી ઉધરસ ચડી. શરીર બેવડું વળી ગયું. કફ કાઢ્યો. ત્યાં તો કામનાથ મહાદેવમાં કથા કરતા કથાકારના શબ્દો કાને પડ્યા, ''રામનામ એ શ્રેષ્ઠ ઔષધ છે. તનના અને મનના રોગ પણ તેનાથી મટી શકે છે.'' બાલકૃષ્ણને કથામૃતના આ શબ્દોથી ભારે શાંતિ વળી. તે કથામાં જઈને બેઠો. બાળપણના સુસંસ્કાર ફરીથી જાગ્રત થયા. બીજે દિવસે સવારે પણ વ્યાસપીઠ પર બિરાજેલા શ્રી ઈશ્વરલાલ શાસ્ત્રીની કથા સાંભળવા ફરીથી આવ્યો. કથાકાર શરણાગતિનો મહિમા સમજાવી રહ્યા હતા : ''તમામ પ્રકારની ચિંતા પ્રભુને સોંપી તેની શરણાગતિ સ્વીકારવી. પ્રભુ સૌ સારાં વાનાં કરશે.'' બાલકૃષ્ણે આ જ ક્ષણે પ્રભુશરણે જવાનો સંકલ્પ કરી લીધો. કથા પૂરી થતાં સારંગપુરના રણછોડરાયના મંદિરે ગયો. બાલકૃષ્ણ રણછોડજીના ચરણે ઢળી પ્રભુનું શરણું લઈને ચોધાર આંસુએ રડી પડ્યો. અત્યાર સુધીના વ્યર્થ જીવન માટેના પશ્ચાત્તાપમાંથી જાણે નવું જીવન પ્રાપ્ત થયું હતું.

### ફરીથી નોકરી મળી

રણછોડરાયના મંદિરેથી હળવે હૈયે પાછા ફરેલા બાલકૃષ્ણભાઈને ઘેર શ્રી જી. કે. માવળંકરનો મોકલેલો માણસ રાહ જોતો હતો. તેણે કહ્યું, ''મને શ્રી માવળંકરે મોકલ્યો છે. ચોખા-બજારમાં તૈયબ ઍન્ડ કંપનીમાં અંગ્રેજી પત્રવ્યવહાર કરી શકે તેવા કલાર્કની જરૂર છે. તમે શ્રી માવળંકરને આજે જ મળી લેજો. તમારા માટે તેમણે નોકરી શોધી રાખી છે.'' બાલકૃષ્ણને આ સમાચાર મળતાં અત્યંત આનંદ થયો. મનથી પ્રભુનો ઉપકાર માન્યો અને પ્રભુનું શરણું સ્વીકાર્યું તો તેણે સંભાળ લેવા માંડી. તે તરત માવળંકરને ત્યાં મળવા ગયો. તેમણે પ્રેમથી તેને આવકાર્યો, અને નોકરી અંગે વાત કરી. માવળંકર બાલકૃષ્ણને તૈયબ ઍન્ડ કંપનીની દુકાને જાતે લઈ ગયા. અને તેની સુંદર કામગીરી અંગે રૂબરૂમાં પ્રમાણપત્ર આપ્યું. કંપનીએ બાલકૃષ્ણને તરત નોકરીમાં રાખી લીધો. અંગ્રેજી પત્રવ્યવહાર ધીરે ધીરે ફાવી ગયો. ટાઈપ પણ શીખી લીધું.

### ભક્તિમાં માર્ગદર્શન

શ્રી ઈશ્વરલાલ શાસ્ત્રીના સંસર્ગમાં આવવાથી રામનામનું એવું તો રસાયણ પ્રાપ્ત થયું હતું કે શરીરમાં નવું ચેતન આવવા માંડ્યું હતું. નોકરીમાં ઠરીઠામ થવાથી બાલકૃષ્ણનું કવિહૃદય ફરીથી ખીલી ઊઠ્યું. ઈશ્વરભક્તિના રંગે રંગાયેલા હૈયામાંથી ભક્તિગીતો (ભજનો) હૃદયના ઊંડાણમાંથી પ્રગટ થવા માંડ્યાં, અને રણછોડરાય સમક્ષ લલકારવા માંડ્યાં.

૧૯૩૨ની સાલમાં 'ભક્તિ ઝરણાં'નો પહેલો ભાગ છપાવ્યો હતો ત્યારે વીસ રૂપિયાની ખોટ ખાવી પડી હતી. તેથી હવે

પુસ્તક છપાવવાને બદલે ભજન શ્રોતાઓ સમક્ષ ગાવાનું નક્કી કર્યું.

મામુનાયકની પોળમાં રહેતા કેશવલાલ દૂધિયા જોડે બાલકૃષ્ણને મિત્રતા થઈ હતી. ભજનનું ગુંજન કરતા બાલુભાઈને જોઈને કેશવલાલને નવાઈ લાગી. તેમના પરિવર્તનની વાત જાણીને કેશુભાઈને આનંદ થયો, અને છોટાલાલ ભગતના ભજનમાં આવવાનું તેમણે બાલકૃષ્ણને નિમંત્રણ આપ્યું.

**ભજનનો રંગ**

છોટાલાલ સુરતીના ભજનમાં બાલકૃષ્ણ અડધો કલાક વહેલો ગયો. બાલ્યાવસ્થામાં પડેલા સુસંસ્કારો ફરીથી જાગ્રત થયા. વચમાં થોડા વર્ષ ભજન, ભક્તિ અને ભગવાન એ ત્રણેને બાલકૃષ્ણ ભૂલી ગયો હતો. ભક્તિનું જગત ભુલાઈ ગયું હતું. ભજન અને ભક્ત પ્રત્યે નફરત પેદા થઈ હતી, પરંતુ હવે પૂર્વગ્રહ દૂર થયો હતો. તેને હવે છોટાલાલ ભગતના ભજનમાં આનંદ આવવા લાગ્યો. ભગતની છટાથી તે આકર્ષાયો. જાહેર ભજન કરવાની તાલીમ બાલકૃષ્ણને પ્રાપ્ત થઈ. જ્યાં જ્યાં છોટાલાલનાં ભજનો થતાં ત્યાં ત્યાં તે અચૂક પહોંચી જતો.

**ભજનમંડળ સ્થાપ્યું**

દુકાન બંધ કરી તેની ચાવી અને ચોપડા તૈયબ ઍન્ડ કંપનીના ભાગીદાર શ્રી મફતલાલ મોહનલાલ શાહને ત્યાં પહોંચાડવાની જવાબદારી બાલકૃષ્ણની હતી. ભાગીદાર શાહપુર માળીવાડાની પોળમાં રહેતા હતા. એક વાર આ રીતે બાલકૃષ્ણ ચોપડા અને ચાવી પહોંચાડવા ત્યાં ગયો, ત્યારે ભજનની તૈયારી થતી જોઈ. સીતારામ મહારાજના ભજનનો કાર્યક્રમ હતો. રાત્રે સાડા આઠ

આખી પોળ ભરાઈ ગઈ હતી, પરંતુ મહારાજ આવ્યા ન હતા. કેટલાક મિત્રોના આગ્રહથી બાલકૃષ્ણે ભજન શરૂ કર્યાં. મધુર કંઠે ગવાતાં ભાવવાહી ભજનોએ શ્રોતાઓનાં દિલ જીતી લીધાં. ભજનમંડળના આગેવાન શ્રી અંબાલાલ મગનલાલ પટેલને ત્યાં વારંવાર ભજનનો કાર્યક્રમ રખાતો. બાલકૃષ્ણ આવા કાર્યક્રમમાં રસભેર ભાગ લે. બાલકૃષ્ણનાં ભજનો શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ સાંભળતા, મધુર કંઠે ગવાતાં સ્વરચિત ભજનોને લીધે આકર્ષણ વધી ગયું હતું. ભજનમંડળને ઉપરાઉપરી આમંત્રણો મળવા માંડ્યાં. ભજનમંડળને વ્યવસ્થિત કરવાની દરખાસ્ત આવી. બાલકૃષ્ણના નામ પરથી બાલકૃષ્ણ ભજનમંડળ એવું નામ પાડવાની વાત આવી. બીજા સભ્યોએ ટેકો આપ્યો, પરંતુ બાલકૃષ્ણે કોઈ વ્યક્તિના (પોતાના) નામે મંડળ સ્થપાય તેનો વિરોધ કર્યો. છેવટે 'કૃષ્ણ ભજનમંડળ' એવું નામ આપ્યું.

**પુનિત મહારાજ તરીકે**

શાહપુર વડીકોટડીની પોળમાં કૃષ્ણ ભજનમંડળનો કાર્યક્રમ એક રાત્રે ગોઠવાયો હતો. રાધેશ્યામ મહારાજ પણ પધાર્યા હતા. મહારાજને વંદન કરી બાલકૃષ્ણ નીચે બેસવા જતો હતો ત્યાં જ મહારાજે તેને આગ્રહ કરી પાટ પર બેસાડ્યો. અંબાલાલ ભગતે મહારાજની વાતને ટેકો આપતાં કહ્યું, ''બાલકૃષ્ણ મહારાજ, આ વ્યાસપીઠ તમારે જ શોભાવવાની છે.'' રાધેશ્યામ મહારાજ વચમાં બોલ્યા, ''અંબાલાલભાઈ, હવેથી 'બાલકૃષ્ણ મહારાજ' એવું લાંબુંલચ સંબોધન કરવાને બદલે 'પુનિત' નામથી બોલાવો.'' તેમનાં ભજનની પાદપૂર્તિ પુનિત નામથી જ સમાપ્ત થાય છે. તેમનું પુનિત નામ મને બહુ ગમે

છે. હવેથી આપણે તેમને પુનિત મહારાજના નામથી ઓળખીશું. બધાએ એ પ્રસ્તાવ વધાવી લીધો. ત્યારથી બાલકૃષ્ણ 'પુનિત મહારાજ' તરીકે ઓળખાયા.

**મહારાજની નિષ્કામ ભક્તિ**

પુનિત મહારાજના સમયમાં જુદા જુદા ભક્તો પૈસા લઈને ભજન કરતા. મહારાજને આ લિલામ જરાયે પસંદ ન હતું. ભજન માટે એક પણ પૈસો ન લેવાનો તેમના ભજનમંડળનો નિર્ણય હતો. આ નિયમ સૌએ હર્ષભેર વધાવી લીધો હતો. 'મફત ભજનની કંઈ કિંમત નહીં,' એવું ભજનમંડળના સભ્યોને પાછળથી લાગવા માંડ્યું. અંબાલાલ ભગતે મહારાજને આ બાબત વાત કરી. એક ભાઈનું સૂચન હતું કે, ''જેને ત્યાં ભજન કરવા જઈએ એ પ્રેમથી જે ભેટ પ્રભુને અર્પણ કરે તે લઈ લેવી.'' મહારાજે તેનો વિરોધ કર્યો. તેમણે પ્રસ્તાવ મૂક્યો કે જે વ્યક્તિ પાંચ હજાર હરિનામ લખી આપે તેને ત્યાં ભજન કરવા જવું. સભ્યોએ એ વાત સ્વીકારી લીધી.

''સેવા અને સ્મરણ બે જગમાં કરવાનાં છે કામ,<br>
સેવા તો જનસેવા કરવી, લેવું રામનું નામ.''

આ ઉક્તિ તેમના જીવનનો મહામંત્ર બની ગઈ હતી. તેમણે તેને (ઉક્તિને) પોતાના જીવનમાં સંપૂર્ણપણે ચરિતાર્થ કરી હતી. મહારાજે શ્રોતાઓ સમક્ષ પોતાને થયેલા ક્ષયરોગ અને છ માસમાં મૃત્યુની ડૉક્ટરોએ કરેલી આગાહીની વાત કરી, પરંતુ પ્રભુનામને પ્રતાપે પોતે બચી ગયા તે સત્ય પ્રગટ કર્યું.

મહારાજનાં પ્રવચનોમાં સચોટ દષ્ટાંતો આવતાં અને મધુર કંઠે ગવાતાં ભાવવાહી ભજનો વાતાવરણને વધારે અસરકારક

બનાવતાં. ભજનો માટે આમંત્રણોની સંખ્યા પુષ્કળ વધી ગઈ. તેથી પાંચ હજારને બદલે દશ હજાર હરિનામ લખી આપે તેને ત્યાં ભજન કરવા જવું એવું નક્કી થયું. પાછળથી નામની સંખ્યા વધારીને છેવટે પાંચ લાખ હરિનામ લખી આપે તેમને ત્યાં ભજન કરવા જવું એવો ફેરફાર જાહેર થયો, છતાં એકધારા આમંત્રણ આવવા લાગ્યાં.

### પ્રસાદ અંગે નિર્ણય

એક ભાવિક માણસને ત્યાં ભજનમંડળને આમંત્રણ મળ્યું હોવાથી ભજન કરવા ગયું. એ ભાઈએ, પ્રેમથી બધાંને આવકાર્યા, પરંતુ તેમના મોઢા પર ચિંતાની રેખા જોતાં મહારાજે તેમને એક બાજુએ બોલાવીને ચિંતાનું કારણ પૂછ્યું. પેલા ભાઈએ જણાવ્યું કે પોતે પ્રસાદ તો ગજા પ્રમાણે લાવ્યો છે પરંતુ શ્રોતાઓની ભીડ જોતાં પ્રસાદ બધાંને પહોંચશે કે કેમ તેની શંકા છે. મહારાજે તેમને હિંમત આપી. રણછોડરાયનું નામ લીધા પછી પ્રસાદ વહેંચવા જવું એવી પ્રસાદ વહેંચવા જનારને સૂચના આપી. ભજનનો કાર્યક્રમ પૂરો થયા પછી પ્રભુનું નામ લઈને પ્રસાદ વહેંચતાં થોડોક વધ્યો.

મહારાજને મનમાં વિચાર આવ્યો કે કોઈ ગરીબ માણસ પૂરા પ્રેમથી ભજન કરાવવા માગતો હોય પણ પ્રસાદ વહેંચી શકે તેમ ન હોય તો તે મંડળને આમંત્રણ આપી ન શકે. આ પરિસ્થિતિ બરાબર નથી. મંડળ આગળ આ વાત મૂકી. મંડળને જો બોજો લાગતો હોય તો પ્રસાદના પૈસા પોતે ખર્ચશે તેમ જણાવ્યું. ગરીબ પ્રેમી ભક્તને ત્યાં મંડળ ભજન કરવા જાય ત્યારે ઘી, પાથરણું અને પ્રસાદની વ્યવસ્થા મંડળ કરશે એવો નિર્ણય સૌ

સભ્યોએ લીધો. મહારાજની વાતને સૌએ આ રીતે સહર્ષ સ્વીકારી લીધી.

''હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે,
નિત્ય કથા, નિત્ય કીર્તન-ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે.''

નરસિંહ મહેતાની માફક પુનિત મહારાજ(અભિનવ નરસૈંયા)ને પણ ભોજન વિના ચાલે, ભજન વિના ન ચાલે, એવી ભાવના જીવનમાં દૃઢ થઈ ગઈ હતી. તુકારામ પણ કહેતા, ''હે વિઠ્ઠલ ! તું મને ભોજન વિના રાખજે, પરંતુ મારો એક પણ દિવસ ભજન વિના ન જાય એવી કૃપા કરજે.'' પૂજ્ય સંત મોરારિ બાપુ કહે છે, ''ભજન કરો, ભોજન કરાવો, રામસ્મરણ સાથે.''

**આરતીની પ્રથામાં ફેરફાર**

સામાન્ય રીતે કથાકારો અને ભજનિકોની કથામાં છેલ્લે આરતી ફેરવાય ત્યારે આરતીની થાળીમાં લોકો પૈસા મૂકે. પુનિત મહારાજે એવો નિયમ કર્યો કે ભજનોને અંતે પોતાના હાથની આશકા દ્વારા જ્યાં બેઠાં હોય ત્યાં જ બધાં આરતી લે.

**સરયૂદાસના મંદિરે કથાના શ્રીગણેશ**

પુનિત મહારાજને પ્રેમ દરવાજા પાસે આવેલા સરયૂદાસજીના મંદિરે કથા-પ્રવચન કરવાનું નિમંત્રણ મળ્યું. મહારાજે સહર્ષ તે સ્વીકારી લીધું. સવારે પ્રવચન દરમિયાન ગાવાનાં ભજનો એક કલાકમાં રચી દેતા. ચૈતન્યચરિત્રની ઘેરી અસર મહારાજના મન પર પડી હતી. દરેક ચાતુર્માસમાં મહારાજ મૌન રહેતા. માત્ર સવારે અને રાત્રે ભજન પૂરતું મૌન છોડતા. જરૂર પડે નછૂટકે સ્લેટમાં લખતા.

ચૈતન્ય-આખ્યાન સરયૂદાસના મંદિરમાં શરૂ થયું. મહારાજને ચૈતન્ય મહાપ્રભુ જેવી જ લગની લાગી હતી. ચૈતન્યના જીવનના પ્રસંગો વર્ણવતાં મહારાજ છૂટે મોંએ રડી પડતા. શ્રોતાઓનું પણ એવું જ થતું. સવારે ૮થી ૯ કથા કરી તૈયબ એન્ડ કંપનીની નોકરીએ પહોંચી જતા. નોકરી પણ એટલી જ ચોકસાઈપૂર્વક કરતા. રાત્રે નવ વાગ્યે ભજનમાં જતા ત્યારે પ્રભુસ્મરણમાં એટલા જ તલ્લીન થઈ જતા. મહારાજની એક ખાસિયત હતી કે જે કામ હાથ ધરે તેમાં ઓતપ્રોત થઈ જવું.

### નિયમપાલન

રાત્રે દોઢબે વાગ્યે ભજન બંધ થતાં. ત્યાંથી ઘેર જઈ મહારાજ સૂઈ જતા. બારે માસ એક ટંક જમતા. ત્રણચાર કલાકની ઊંઘ લઈ તેઓ બીજા દિવસની પ્રવૃત્તિ માટે તૈયાર થઈ જતા. મંગળદાસ માસ્તરે રાત્રે બાર વાગ્યે ભજન પૂરાં કરવા પ્રસ્તાવ મૂક્યો; કારણ કે મંડળના કેટલાક માણસો રોજના ઉજાગરાને લીધે માંદા પડી ગયા હતા. મહારાજને વાત યોગ્ય લાગી. તેથી રાત્રે બાર વાગ્યે ભજન પૂરું કરવાનો નિયમ કર્યો.

એક વાર ચૈતન્ય મહાપ્રભુનું આખ્યાન ચાલતું હતું. મહારાજ બરાબર રંગમાં હતા. શ્રોતાઓ પણ મંત્રમુગ્ધ બની કથાશ્રવણ કરતા હતા. રાતના બાર વાગ્યે મંગળદાસે પેટી બંધ કરી. મહારાજે કારણ પૂછતાં તેમણે કહ્યું કે, 'નિયમ મુજબ બાર વાગ્યા છે.' જેને ત્યાં ભજન હતું તે ભાઈએ આજે શનિવાર હોવાથી ભજન ચાલુ રાખવા દરખાસ્ત મૂકી, પરંતુ મહારાજે મંગળદાસની વાત કબૂલ કરી. મંગળદાસને લોકોએ સમજાવ્યા, છતાં માન્યા નહીં. મહારાજે કહ્યું, ''ભજનમાં મોડી રાત સુધી

જાગવાનું થવાથી મંડળના અમુક માણસો વચમાં વચમાં આવવાનું માંડી વાળતા. પરંતુ પેટીવાળા અને દોકડવાળાને તો આવવું જ પડે. મારે તેમનો ખ્યાલ રાખવો પડે. અને નિયમને વળગી રહેવું પડે. આવતી કાલે બાકીનું આખ્યાન થશે.''

મહારાજની વાત સાંભળી મંગળદાસ મીણ જેવા બની ગયા. પેટી ફરીથી ખોલી અને સવાર થાય તોપણ વાંધો નથી, એમ જણાવી આખ્યાન ચાલુ રાખવા મહારાજને વિનંતી કરી. પ્રેમથી મહારાજ સામા માણસને કેવી રીતે વશ કરી શકે છે તે નિરાળી રીત જોઈને શ્રોતાઓ મહારાજને ભક્તિભાવથી વંદી રહ્યા.

**કેટલીક વાર ઘરના ઓટલે પડી રહેતા**

મહારાજ રાતના બે વાગ્યે ભજન પછી ઘેર જતા. આડોશીપાડોશી ન સાંભળે-તેમને વિક્ષેપ ન પડે તે-રીતે ધીરેથી ચારપાંચ બૂમ પાડતા. ઘરમાંથી કોઈ જાગીને ઉઘાડે તો ઠીક, નહીં તો બહારના ઓટલા પર ઊંઘ ખેંચી કાઢતા. પાડોશી જાગી ન જાય અને ઘરનાં માણસોને પણ વધારે તકલીફ ન આપવી એ ઉચ્ચ ખ્યાલ ધરાવતા મહારાજને ધન્ય છે.

**ફરજમાં તત્પર : હક પ્રત્યે ઉદાસીનતા**

મહારાજ તૈયબ ઍન્ડ કંપનીમાં જોડાયા ત્યારથી જ કંપનીની ચડતી થઈ હતી. તેને કેલટેક્ષ અને વીમકોની એજન્સી મળી હતી. મહારાજનું ડ્રાફ્ટિંગ સારું. અને પત્રવ્યવહારની ભાવના પણ સચોટ. તેથી કંપનીઓ પર તેની સારી અસર પડતી. મહારાજની કામગીરી જોઈને તેમને સેલ્સમૅનનું કામ સોંપ્યું પણ પગારમાં વધારો કર્યો નહીં છતાં મહારાજે કોઈ દિવસ પગારવધારા માટે માગણી કરી નહીં. ઈશ્વર પાસે તેમનાં

ચરણોની સેવા સિવાય કદી કશું જ ન માગનાર મહારાજ કંપનીના શેઠ પાસે શા માટે માગે ? ફરજમાં હંમેશાં તત્પર અને હક પ્રત્યે ઉદાસીનતા. આજના જમાનામાં તો સાધારણ રીતે માણસનું વલણ આથી ઊલટું હોય છે - ફરજ પ્રત્યે બેદરકાર, હક પ્રત્યે હમેશાં જાગ્રત. મહારાજની ફરજ બજાવવાની પૂરી નિષ્ઠામાંથી આજનો માનવી થોડી પ્રેરણા લે તોયે ઘણું છે.

**આખ્યાનમાં જાતઅનુભવનો રણકો**

ચૈતન્ય મહાપ્રભુના આખ્યાનની માફક બાળભક્ત મોહનનાં આખ્યાન દરમ્યાન પણ મહારાજ ભાવવિભોર થઈ જતા. મોહન ગરીબ વિધવાનો પુત્ર હતો. તેની મા પારકાં કામ કરીને માંડ ગુજરાન ચલાવતી. અનેક જાતની મુશ્કેલીઓ હતી. મહારાજ પોતે આ બધી આપત્તિમાંથી પસાર થયા હતા, એટલે આખ્યાનમાં સ્વાનુભવ જોવા મળતો.

મહારજશ્રી અંતઃસ્ફુરણાને કારણે સહજભાવે ત્રણેક મિનિટમાં નવું ભજન તૈયાર કરી દેતા. એક કલાકનું આખ્યાન ૧૫ મિનિટમાં લખી દેતા.

**પ્રવાસનો કાર્યક્રમ**

પોતાના સાથીદારોની ઈચ્છાને માન આપીને મહારાજશ્રીએ પ્રવાસ ગોઠવવાનું નક્કી કર્યું. પોતાને વતન ધંધૂકા બધાંને લઈ જઈને સાથે ભીમનાથ, સારંગપુરના હનુમાનજી અને તગડીમાંની મહાપ્રભુજીની બેઠકનાં દર્શન કરાવવાની મહારાજની ઈચ્છા હતી. મહારાજે પોતાનો આવો વિચાર સત્સંગીઓ આગળ રજૂ કર્યો ત્યારે બધા આનંદમાં આવી ગયા. નક્કી થયેલા દિવસે સારંગપુર અને તગડીની યાત્રાએ બધા ઊપડ્યા. સંગીતનાં સાધનો સાથે

લીધાં હતાં. ટ્રેનમાં ધૂન-ભજનની રમઝટ જમાવી. મહારાજે ધંધૂકામાં બધાને પ્રેમથી જમાડ્યા અને ફેરવ્યા. ત્યાંથી બીજા દિવસે તગડીમાં મહાપ્રભુજીની બેઠકનાં દર્શન કરી ભીમનાથ ગયા અને સારંગપુર હનુમાનજીનાં દર્શન કરી યાત્રાસંઘ અમદાવાદ પાછો ફર્યો. મહારાજ કોઈ પક્ષપાત રાખતા નહીં, કોઈ જોડે તકરાર પણ નહીં. નિખાલસ અને માયાળુ સ્વભાવવાળા મહારાજના નેતૃત્વ નીચે યાત્રાસંઘ સફળ થયો. થોડા સમય બાદ અમદાવાદ નારણઘાટની ઉજાણી ગોઠવી અને સૌને આનંદ આવ્યો.

**સરળ સ્વભાવ**

મહારાજ દરેકને પોતાનો બનાવી લેવાની કળા જાણતા. કોઈના દોષ જુએ નહીં. કોઈની વાત કરે ત્યારે તેના ગુણને જ ખ્યાલમાં રાખીને વાત કરે. કદાપિ ક્રોધ કરે નહીં. હંમેશાં હસમુખો ચહેરો જોવા મળે. વિરોધી વિચારસરણી ધરાવનાર માણસોનાં ઉપયોગી સૂચનો ધ્યાનમાં લેવાની લોકશાહી રસમ તેમના જીવનમાં વણાઈ ગઈ હતી. તેઓ બાળક જેવા સરળ હતા.

**કથામાં હૂબહૂ ચિતાર**

મહારાજ કથા અને ભજનોમાં વિધવા નારીનાં દુઃખ દૂર કરવા સમાજના આગેવાનોને ઢંઢોળતા. માતા લલિતાએ વૈધવ્ય પછી જે યાતનાઓ વેઠી હતી તેનો જાણે કે હૂબહૂ ચિતાર તેમની કથામાં રજૂ થતો. રામાયણની કથામાં ઓતપ્રોત થઈ જતા. ભાવસમાધિ જેવી દશા રહેતી અને કરુણ પ્રસંગોનું ચિત્ર રજૂ કરે ત્યારે આંખોમાંથી ચોધાર આંસુ ચાલ્યાં જાય અને ગદ્ગદ બની

જતા. ભક્તહૃદય, જાતઅનુભવ અને સરળ વાણીને લીધે તેમનું ભજન સચોટ બની જતું. શરૂઆતનાં ભજનો અને આખ્યાનો તો માધુબાગમાં બેસીને લખ્યાં હતાં. મહારાજ જે આખ્યાન કરે તેમાં ઓતપ્રોત થઈ જતા. ભરતમિલાપમાં રામને મળવાની ભરતની આતુરતા મહારાજ આબેહૂબ વર્ણવતા અને શ્રોતાઓ પણ તેમના વાક્પ્રવાહમાં તણાઈ જતા.

મહારાજે જેસલતોરલનું આખ્યાન પણ ભાવવાહી શૈલીમાં રજૂ કર્યું.

''જેસલ જગનો ચોરટો, પળમાં થયો પીર.''

અતિ ઘાતકી અને મહાપાપી, લોહીતરસ્યા વાઘ જેવો જેસલ, તોરલના સંગને કારણે ગરીબ ગાય જેવો બની ગયો. જેસલ-તોરલ આખ્યાન શ્રવણ કરતાં શ્રોતાઓમાંના જેમનાથી પાપ થયાં હતાં તેઓ છાનું રડી લેતા.

**ગાયોને ઘાસચારો**

૧૯૪૪માં દુકાળ પડ્યો. અબોલ પશુઓ ઘાસને અભાવે મરવા માંડ્યાં. મહારાજથી તેમનું આ દુઃખ સહન ન થયું. મહારાજે રાત્રે ભજનમાં ગાયોના ઘાસચારા માટે ટહેલ નાખી. પરિણામે સારી રકમ એકઠી થઈ. તેનું ઘાસ ખરીદીને સ્વયંસેવકો દ્વારા ગાયો અને અન્ય પશુઓને પૂરું પાડ્યું. મહારાજે પાઈએ પાઈનો હિસાબ ભજનના કાર્યક્રમ દરમિયાન જાહેર કરી દીધો હતો. મહારાજ જે નિમિત્તે પૈસા ઉઘરાવતા તે જ નિમિત્તે ખર્ચ કરતા હતા, પરંતુ મહારાજ ફંડફાળો અગાઉથી એકઠો કરી રાખી મૂકતા ન હતા. તેઓ માનતા કે 'ફંડ'ત્યાં બંડ.' જરૂર પડે ત્યારે નાણાં ઊઘરાવીને સેવાકાર્યમાં ખર્ચી દેતા.

સત્સંગીઓની સાથે મહારાજ દ્વારિકાની યાત્રાએ જઈ આવ્યા.

મહારાજે દામાજી પંતનું આખ્યાન રચ્યું. દુષ્કાળમાં દામાજી પંતે શાહી અન્નભંડાર ભૂખ્યાંઓ માટે ખુલ્લો મૂકી દીધો હતો. દામાજીનો નોકર બની પ્રભુ બાદશાહને નાણાં ચૂકવે છે. એ પ્રસંગ વર્ણવતાં મહારાજ ભાવવિભોર બની જતા.

**ડાકોરની પદયાત્રા**

પહેલો પગપાળા પ્રવાસ શાહપુર માળીવાળાની પોળમાંથી શરૂ થયો. સવારે ચાર વાગ્યે પુનિત મહારાજ પૂજામાં બેઠા. ઈશ્વરલાલ શાસ્ત્રીએ પૂજન કરાવ્યું. મણિલાલ સખી(ભગત)એ ચાંદીની મૂઠવાળી લાકડી પુનિત મહારાજને ભેટ આપી અને યાત્રાની સફળતા ઈચ્છી. સારંગપુરના રણછોડરાયનાં દર્શન કરીને સંઘ આગળ વધ્યો. વચમાં જે ગામોમાં થઈને સંઘ પસાર થતો ત્યાં ઉમકળાથી સ્વાગત થતું. જ્યાં રાત્રે સંઘ રોકાતો ત્યાં ભજનનો કાર્યક્રમ રખાતો. આ પ્રવાસ સંસ્કૃતિનો દ્યોતક બની રહેતો. લોકોમાં ભક્તિની ભાવના જાગ્રત થતી. પ્રવાસ-યાત્રાઓ દ્વારા મહારાજે લોકોમાં ધર્મરુચિ જગાડવાનો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ડાકોરમાં રણછોડરાયનાં દર્શન કરતાં મહારાજ ભાવવિભોર બની જતા. તેમણે પ્રભુનું શરણું સ્વીકાર્યું હતું અને તેથી તેઓ નિશ્ચિંત બન્યા હતા.

**મહારાજની ખુમારી**

ડાકોરમાં અમદાવાદના મિલમાલિકના શ્રીમંત નબીરાઓ મહારાજને મળ્યા. એક ઉદ્ધત યુવાને મહારાજને તેમની માસિક

આવક પૂછી. મહારાજે રૂ. ૧૦૦ની આવક જણાવી. પેલાએ મહારાજની વડીલોપાર્જિત મિલકત અંગે પૂછ્યું. મહારાજ તેનો ઈરાદો સમજી ગયા. આવો પ્રશ્ન પૂછવાનો હેતુ જણાવવા પેલાને સૂચના કરી. પેલો ઉદ્ધત બોલ્યો, ''તમે યજ્ઞો કરો છો, પ્રવાસ કાઢો છો, અન્ય કાર્યક્રમો કરો છો તેના પૈસા કોની તાકાત પર કાઢો છો ?'' મહારાજે તે યુવાનને તેના ખર્ચાળ જીવન અંગે ખર્ચ ક્યાંથી નીકળે છે તેવો સામે સવાલ પૂછ્યો. ગર્વભેર મિલમાલિકના પુત્ર હોવાનું તેણે જણાવ્યું. મહારાજે કહ્યું, ''તમારા પિતાને બેત્રણ મિલ હશે, પરંતુ મારો પિતા મિલમાલિકોનો પણ બાપ છે. તેના ચરણો આગળ મિલમાલિકો આળોટે છે અને ભીખ માગે છે, એવા માલિક રાજા રણછોડનો હું પુત્ર છું.'' મહારાજની ખુમારી જોઈ પેલો યુવાન ઠરી જ ગયો.

**બધાની કાળજી**

ડાકોરની યાત્રા કરીને પાછા ફર્યા પછી જે રકમ વધી તે દરેકને સરખે ભાગે વહેંચી દીધી. આ પ્રથા માત્ર પુનિત મહારાજે જ અપનાવી હતી. હિસાબ પૂરેપૂરો રાખતા, અને કાળજીપૂર્વક ખર્ચ કરતા. તેથી મહારાજના ડાકોર પગપાળા સંઘમાં બધા હર્ષભેર જોડાતા. ડાકોરની યાત્રા દરમિયાન જે ગામે મુકામ હોય તે ગામ ભક્તિધામ બની જતું. રાત્રે ભજન કર્યા પછી બધા સૂઈ જતા. મહારાજ દરેકની પાસે જઈ આવતા. કોઈને કોઈ પણ પ્રકારની મશ્કેલી નથી, તેની ખાતરી થયા પછી પોતે સૂઈ જતા. એક વડીલ સ્નેહીની માફક મહારાજ બધાની કાળજી રાખતા.

**ઈશ્વરી ચમત્કાર**

મહારાજના સંઘને એક વાર મહુધાના શ્રદ્ધાળુ સત્સંગીઓએ

રોક્યો. બધી વ્યવસ્થાની જવાબદારી રાવસાહેબ ચંદુલાલ ગણપતરામ દેસાઈએ સ્વીકારી હતી. ચારસો માણસોની જમવાની વ્યવસ્થા તેમણે કરી હતી. પરંતુ મહારાજની સાથે સાતસો માણસો જોઈને રાવસાહેબ ગભરાઈ ગયા. મહારાજ એમની મુશ્કેલી સમજી ગયા. પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો. ભગવાન પર ભરોસો રાખવા મહારાજે રાવસાહેબને જણાવ્યું. તેમણે તેમને પંગત પાડવા કહ્યું, એકીસાથે સાતસો માણસોની પંગત પડી. પ્રભુને થાળ ધરાયો. જમવાની રસોઈ પીરસાઈ એટલે બધાંએ જમવાનું શરૂ કર્યું. ટેવ મુજબ મહારાજ દરેકને આગ્રહ કરી કરીને જમાડતા. રાવસાહેબની ચિંતા તેથી સવિશેષ વધી પડી. મહારાજે હવે રાવસાહેબને આગ્રહ કરી જોવા લાડુનો થાળ પકડાવ્યો. પહેલાં તો રાવસાહેબના મનમાં વિચાર આવ્યો કે મહારાજ મારે હાથે જ મારી ફજેતી કરાવવા માગે છે. પરંતુ 'પોતાના ભક્તની આબરૂ ભગવાનને વધારે વહાલી છે,' એવા મહારાજના શબ્દો પર રાવસાહેબની શ્રદ્ધા દઢ થઈ અને હરિસ્મરણ કરીને ઉમંગભેર આગ્રહ કરીને બધાંને પીરસવા માંડ્યું. બધા ધરાઈને જમ્યા પછી સો માણસ હજુ જમે તેટલી રસોઈ વધી હતી. રાવસાહેબ તો મહારાજની ઈશ્વર ઉપરની અટળ શ્રદ્ધા અને પ્રભુના ચમત્કારથી પ્રભાવિત થઈ ગયા અને અત્યંત હર્ષ પામ્યા.

**કહેવાતા સત્યાગ્રહીની ફજેતી : ચરણામૃતનો પ્રતાપ**

મહારાજની મોટી પુત્રી તારાના લગ્નનો પ્રસંગ આવ્યો. મહારાજની પાસે કશી બચત ન હતી. તેથી તેઓ મૂંઝાયા. પરંતુ નરસિંહ મહેતાના શામળશાના વિવાહમાં પ્રભુએ સહાય કરી

હતી તેમ પોતાની દીકરીના લગ્નમાં રણછોડરાય સહાય કરશે એવી શ્રદ્ધા થઈ. સંઘ લઈને ડાકોર જવાનું થયું ત્યારે રણછોડબાપાને ચિંતા સોંપી પોતે હળવા થઈ ગયા. મહારાજે લગ્નમાં બાપાને નિમંત્રણ આપ્યું. સૌ ભક્તોને પણ જાહેર લગ્નમાં પધારવા નિમંત્રણ આપ્યું. લગ્ન ધંધૂકામાં રાખ્યું હતું. અમદાવાદ અને અન્ય ગામોમાંથી માણસો આવવા લાગ્યા. સાતસો માણસોની રસોઈ રૅશનિંગના એ જમાનામાં થાય તે કેટલાક ઈર્ષાળુને ખટક્યા વિના કેમ રહે ? આવા એક માણસે મહારાજ પાસે આવીને 'સવારસાંજ સાતસો માણસોની રસોઈ થાય તે ચલાવી લેવાશે નહીં,' તેમ જણાવ્યું. અને મહારાજને ગંભીર પરિણામની ચેતવણી આપી. પેલા માણસે અમદાવાદના કલેક્ટરને એક પત્ર લખીને માણસ દ્વારા મોકલી આપ્યો અને આ જમણ બંધ થાય તેવો પ્રબંધ કરવા વિનંતી કરી. તેણે જમણવારની જગાએ ઉપવાસનું ત્રાગું કર્યું, અને કોઈ સમજાવવા આવે તો જવાબ આપવો ન પડે તે માટે મૌન ધારણ કર્યું. મહારાજે જરાયે મચક ન આપતાં પેલાએ સત્યાગ્રહ પાછો ખેંચી લીધો, પરંતુ મહારાજને ખુલ્લા પાડવા રાત્રે જાહેર સભા યોજી.

કલેક્ટરનો જવાબ આવ્યો કે લગ્નની સાથે યજ્ઞ છે, અને તેથી તે ધાર્મિક કાર્યમાં લોકો પ્રસાદ લઈ શકે છે.

ઈશ્વરને કરવું કે પેલા ભાઈની વાચા જ સમૂળી બંધ થઈ ગઈ. દેશી-વિલાયતી અનેક ઉપચારો કર્યા પણ વ્યર્થ ગયા. તેણે માન્યું કે રાત્રે સભામાં બોલી શકાશે. રાત્રે સભામાં બોલવા તે ઊભો થયો, પણ કશું બોલી શકાયું નહીં. તેની ફજેતી થઈ.

લગ્નપ્રસંગ ઈશ્વરકૃપાથી સુંદર રીતે પરિપૂર્ણ થઈ ગયો.

મહારાજે રણછોડબાપાનો આભાર માન્યો. વાચા હરાઈ ગઈ હતી તેને લઈને તેના પિતા મહારાજ પાસે આવ્યા અને તેને ક્ષમા આપવા વિનંતી કરી. મહારાજે તેને પ્રભુનું ચરણામૃત પાવા જણાવ્યું. ઈશ્વરકૃપાથી તેની વાચા પાછી આવી જશે એમ મહારાજે કહ્યું. બન્યું પણ તેમ જ. તેની વાચા પાછી આવી ગઈ.

**ત્યાગભાવના**

સંસારનો ત્યાગ કર્યા વિના સિદ્ધિ પ્રાપ્ત થશે નહીં એવું મહારાજના મનમાં ઠસી ગયું હતું. તેમણે પોતાના ભજનના કાર્યક્રમ દરમિયાન જાહેર કરી દીધું કે, ''આ શરીર પર હવે સગાંઓનો હક્ક રહ્યો નથી. હવે તે સાર્વજનિક બન્યું છે.''

એક વાર શિયાળાની કાતિલ ઠંડીમાં મહારાજ ઊભા રહીને ભજન કરે. એક ભાઈના દિલમાં રામ વસ્યા. તેમણે નવી શાલ મહારાજને ઓઢાડી. મહારાજે તે શાલ બાજુમાં એક સાધુને અર્પણ કરી. સૌ એ ત્યાગમૂર્તિ તરફ જોઈ રહ્યા.

એક વાર ચોમાસાના દિવસોમાં મહારાજ પલળતા આવ્યા, અને તે જ હાલતમાં ભજન કરવા ઊભા થયા. લોકોએ તેમને શરદી થશે તેવી દહેશત વ્યક્ત કરી. ''નાશવંત શરીરનાં બહુમાન શા માટે ?'' એવું મહારાજે જણાવ્યું.

**સંન્યાસી થવાની દહેશત**

મહારાજ સાધુસંન્યાસી થઈ જશે એવું તેમના સાથીઓને લાગ્યું. મહારાજ આવું પગલું ભરે તો તેમના કુટુંબની જવાબદારી વિચારી લેવી. દર મહિને તેમના કુટુંબને બસો રૂપિયા મળતા રહે તેવી વ્યવસ્થા કરવાનું નક્કી થયું. ગોરધનદાસ રામોલિયાએ આ

સેવા કરવાનું મનમાં નક્કી કર્યું. મહારાજે સાધુજીવનનો ઊંડાણથી અભ્યાસ કરીને તારણ કાઢ્યું કે, ''સાધુ થવું તેના કરતાં સીધા થવું વધારે સારું છે,' અને પછી સંન્યાસી થવાનું માંડી વાળ્યું. સંસારમાં રહીને પ્રભુભજન કરવાનું ચાલુ રાખ્યું.

**ભેટ જમીન જનહિત કાજે**

એક સમયે શ્રી રામોલિયાએ એક હજાર વાર જમીન મહારાજને અર્પણ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમના પુત્ર હરિશ્ચંદ્રે આ જમીન સ્વીકારવા મહારાજને વિનંતી કરી. મહારાજે ભજન દરમિયાન જમીન સ્વીકારવાની જાહેરાત કરી અને એ જમીન જનહિત કાજે અર્પણ કરી દીધી. પોતાનો કે પોતાના વંશવારસોનો હક તેના પર રહેશે નહીં તે પણ સ્પષ્ટ કરી દીધું. કેવો ભવ્ય ત્યાગ ! આ જમીન પર આજે પુનિત સેવાશ્રમ ઊભો છે.

**રાહતકાર્ય**

૧૯૪૧માં અમદાવાદમાં હિંદુ-મુસ્લિમ કોમી તોફાનો ફાટી નીકળ્યાં. જમાલપુરમાંથી હિંદુ કુટુંબો ઘર છોડીને ખાડિયા આવ્યાં. તેમનાં બંધ મકાન લૂંટાઈ ગયાં, અને ખાલી મકાનને આગ ચાંપવામાં આવી. નિરાધાર કુટુંબોને માટે મહારાજે ભજનના કાર્યક્રમમાં ફાળો એકત્રિત કર્યો. તેમાંથી અનાજ, કપડાં, દવા લોકોને પહોંચાડવામાં આવતાં. અનાજ અને કાપડનું રેશનિંગ થતાં રેશનકાર્ડનું જે બિલ થાય તે રાહતફંડમાંથી આપવામાં આવતું. ભાગવતસપ્તાહ યોજીને તેની આવકમાંથી રાહતકાર્ય આગળ ધપાવ્યું.

**જનસેવા એ જ પ્રભુસેવા**

અનાજના રૅશનિંગના જમાનામાં સરકારનો કાયદો આવ્યો કે જે મકાનને સેન્સસ નંબર હશે તેને જ રૅશનકાર્ડ મળશે. ઝૂંપડામાં રહેતા અને ફૂટપાથ પર પડી રહેતા લોકોને સેન્સસ નંબરને અભાવે રૅશનકાર્ડ મળે નહીં. આવા લોકો ગભરાઈ ગયા. મહારાજ એક રાત્રે ભજન કરીને પાછા ફરતા હતા. ફૂટપાથ પર બાળકોનો રડવાનો અવાજ સાંભળ્યો. પોતાની મા પાસે બાળકો અન્ન માગતાં હતાં. મહારાજ ત્યાં ગયા. એક હોટલમાંથી એક શેર ભજિયાં લઈને બાળકોને આપ્યાં.

મહારાજે બીજે દિવસે કલેક્ટરને મળી ઝૂંપડાંવાસી અને ફૂટપાથ પર પડી રહેનારા લોકો માટે રજૂઆત કરી. કલેક્ટર પાસેથી સાનુકૂળ પ્રત્યુત્તર ન મળ્યો.

મહારાજે રાત્રે ભજનમાં જાહેરાત કરી કે, ''જે લોકો સવા મણની ભાખરી ભૂખ્યાં માણસો માટે તૈયાર કરશે તેમને ત્યાં ભજન થશે.'' મહારાજની આ ટહેલ મધ્યમ વર્ગના માણસોએ ઝીલી લીધી, પોળમાં લોટ ઉઘરાવીને બહેનો ભાખરી તૈયાર કરતી. મહારાજ રાજી થયા. ભજન પૂરું થયા પછી સ્વયંસેવકો સાઈકલ પર જઈ ગરીબ ભૂખ્યાંને ભાખરી વહેંચી આવતા. દિવસો સુધી આ જનસેવાકાર્ય ચાલુ રહ્યું. છેવટે કલેક્ટરને આ બાબતની જાણ થતાં રૅશનકાર્ડની વ્યવસ્થા કરી આપી. મહારાજે ત્યાર પછી ભાખરીની પ્રવૃત્તિ આટોપી લીધી.

રાત્રે ભજન કરીને બેચાર વેપારીઓ સાથે મહારાજ પાછા ફરતા હતા. દુકાનોના ઓટલા પર ભિખારીઓ સૂતા હતા. કાતિલ ઠંડીમાં અંગ ઢાંકવાને પૂરતાં વસ્ત્રો પણ તેમની પાસે -

તેમના શરીર પર હતાં નહીં. બીજે દિવસે મહારાજે ભજન દરમિયાન ગરીબોને કપડાં, ધાબળા માટે ટહેલ નાખી. લોકોએ ઉમળકાભેર ફાળો આપ્યો. કપડાં, ધાબળાના ગંજ ખડકાયા. સ્વયંસેવકો દ્વારા તે વસ્તુઓ દરિદ્રનારાયણોને અર્પણ થઈ.

મણિનગરમાં પીડિત રાહત-કેન્દ્ર શરૂ થયું. પછી આવાં રાહતકાર્યો ગામેગામ શરૂ કર્યાં. દેશના ભાગલા પછી આવેલા નિરાશ્રિત લોકોને માટે નિરાશ્રિત ફંડ એકઠું કરી તેમને મદદ કરી. બંગાળના દુષ્કાળમાં પણ સહાય કરી. **'જનસેવા એ જ પ્રભુસેવા'** એ ઉક્તિને મહારાજે ચરિતાર્થ કરી હતી.

**સંતોની સેવામાં**

૧૯૪૩માં પંઢરપુરના સંત ગાડગે મહારાજના શિષ્ય તનપુરે મહારાજ પોતાના સંઘ સાથે અમદાવાદ આવ્યા. પુનિત મહારાજે તનપુરેનું ઉમળકાભેર સ્વાગત કર્યું, અને બાર દિવસ સુધી સંઘને રોકી પ્રેમથી જમાડ્યો. એકત્રિત થયેલા ફંડમાંથી બાકી વધેલા પાંચ હજાર રૂપિયા તનપુરેના ચરણે ધર્યા. ગપાબાઈ મનમાડકર અને મીરાંબાઈ શિરકરના સંઘોનો પણ ભાવભીનો સત્કાર મહારાજે કર્યો હતો.

**હરિનામ શ્રેષ્ઠ ઔષધ**

મહારાજ કાપડીવાડમાં રહેતા હતા. તેની બાજુની શેરી બગડાવાડમાં જનાર્દન નામના એક બ્રાહ્મણ રહે. મિલમાં નોકરી કરે. એક વાર વહેલી પરોઢે ઊઠ્યા, ત્યારે ખબર પડી કે આંખનું તેજ એકાએક હરાઈ ગયું છે. લલિતાબાએ મહારાજને ખબર કાઢવા જવા માટે જણાવ્યું. મહારાજ ત્યાં ગયા. આશ્વાસન આપ્યું. બધી દવાઓ નિષ્ફળ ગઈ હતી. તેથી હરિનામ લેવા

જનાર્દનને અનુરોધ કર્યો. તેને ત્યાં માળા નહીં હોવાથી મહારાજે પોતાની માળા તેને આપી. ૨૪ કલાકના હરિનામના જપના પ્રતાપે આંખોની રોશની ફરી પ્રગટ થઈ.

લોકો નામસ્મરણમાં વધારે રસ લે તે માટે મહારાજે તુલસીની હજારો માળા મફતમાં વહેંચી. પુનિત મહારાજના અનુયાયીઓએ શરૂ કરેલી સદ્‌વિચાર પરિવાર સંસ્થા વૈરાગી બાબાના પ્રભાત કીર્તનમાં આવી માળાઓ વહેંચે છે. વૈરાગી બાબા પુનિત મહારાજના ભજનકીર્તનને પોતાના પ્રવચનમાં બિરદાવે છે.

**પ્રભાતફેરી, મોરબીમાં પણ**

હરિનામનો પ્રચાર ઠેરઠેર થાય તે માટે અમદાવાદના દરેક વૉર્ડમાં પ્રભાતફેરી શરૂ થઈ. સવારે પાંચથી છ સુધી પ્રભાતફેરી પ્રભુનામ સંકીર્તન કરતી ફરતી. જે પૂરો મહિનો હાજરી આપે તેને ભજનની ચોપડી મફત મળતી.

**અખંડ નામસંકીર્તન**

મહારાજે અખંડ નામસંકીર્તનની યોજના પણ અમલમાં મૂકી, અને ગુજરાતમાં પ્રભુનામ સંકીર્તન ગુંજતું કર્યું. પ્રભુનામ સંકીર્તનનો ઘણો મોટો મહિમા છે. કલિકાળમાં **પ્રભુનામ** એ જ ભવસાગર તરવાનો એકમાત્ર સરળ ઉપાય છે. શ્રીમદ્ ભાગવતમાં મહર્ષિ વેદવ્યાસે દ્વાદશ સ્કંધના છેલ્લા શ્લોકમાં નામસંકીર્તનનો મહિમા ગાયો છે:

नाम सङ्कीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशयनस्तं नमामि हरिं परम् ॥

''જેમનું નામસંકીર્તન સર્વ પાપોનો નાશ કરનાર છે, અને જેમને

કરેલા પ્રણામ સર્વ દુ:ખોને શાંત કરે છે તે પરમેશ્વર શ્રીહરિને હું નમસ્કાર કરું છું.''

સૌરાષ્ટ્રમાં જામનગર, પોરબંદર વગેરે સ્થળોએ પ્રેમભિક્ષુજી મહારાજે સ્થાપેલાં **અખંડ નામસંકીર્તન** મંદિરો નામસંકીર્તનનો મહિમા ગાતાં આજે પણ ઊભાં છે અને 'શ્રીરામ જય રામ જયજય રામ'ની અખંડ ધૂન દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવે છે.

**યજ્ઞકાર્ય**

મહારાજે પુનિત ચોકમાં મહારુદ્ર યજ્ઞ કર્યો. ત્યાં જ ૨૪ લાખ ગાયત્રી મહામંત્ર પુરશ્ચરણ કર્યું. ગાયત્રી યજ્ઞ પણ કર્યો. કોરલમાં પણ આવો યજ્ઞ કર્યો. અનેક યજ્ઞોની સાથે નામજપ યજ્ઞ, ભજન અને ભોજનની વ્યવસ્થા પણ મહારાજ કરતા. જપયજ્ઞ તો અતિ શ્રેષ્ઠ છે, તેથી તો ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં यज्ञानां जपयज्ञोऽस्मि - ની યથાર્થ રીતે ઉદ્‌ઘોષણા કરી છે. શ્રી રામચંદ્ર ડોંગરે મહારાજ કહે છે કે કથા સાંભળવી સહેલી છે, કથા કરવી પણ અઘરી નથી; પરંતુ એક આસને બેસીને શાંતિથી ત્રણચાર કલાક માળા લઈને હરિનામ જપ કરવા કઠણ છે.

યજ્ઞોમાં જેટલો આનંદ મહારાજને થતો તેટલો જ ભોજન જમાડવામાં થતો. પૂ. મોરારિ બાપુ પણ 'ભજન કરો, ભોજન કરાવો, રામસ્મરણ સાથે' એમ કહે છે.

**યાત્રાસંઘ**

મહારાજે ડાકોર, દ્વારિકા, મોટી કોરલ અને ચંપારણ્ય સુધીના પગપાળા પ્રવાસ સંઘ કાઢેલા. ત્યાર પછી સ્પેશિયલ ટ્રેન દ્વારા યાત્રાસંઘ કાઢ્યા. દ્વારિકા, વૃંદાવન અને ત્રણ ધામ યાત્રાસંઘ

યોજ્યા. પોતાના કુટુંબના સભ્યોની પણ ટિકિટ લેતા. હિસાબ કરીને વધેલાં નાણાં બધાંને સરખે હિસ્સે વહેંચી દેતા. સેકંડ કલાસના ડબામાં બાર જગા હોવા છતાં અંદરના અગિયાર જણા બારમા માણસને બેસવા દેતા ન હતા. સ્વયંસેવકો દ્વારા મહારાજે તેમના પૈસા પાછા આપી દેવાની વાત કરી ત્યારે તેઓ ઠરી ગયા. સેકંડ કલાસવાળા પેસેન્જરોને પીરસવામાં ભેદભાવ લાગ્યો, જુદું રાંધ્યું. મહારાજના કહેવા છતાં જમવા આવ્યા નહીં, ત્યારે મહારાજ જમ્યા નહીં. છેવટે તેઓ માની ગયા. શરૂઆતમાં કોઈ પીરસવા તૈયાર ન થાય ત્યારે સ્વયંસેવકોની સાથે મહારાજ પીરસતા.

પંઢરપુરમાં પ્રભુને ચરણે મહારાજે રૂ. ૧૦૧ ભેટ ધર્યા. પૂજારીને એક રૂપિયો આપવા માંડ્યો. પૂજારીએ નિયમ મુજબ રૂ. ૧૦૧ લેવા આગ્રહ રાખ્યો. મહારાજે રૂપિયા પાછા લઈ લીધા. પૂજારીએ છેવટે કહ્યું, 'તમે આપશો તે લઈશ.' મહારાજે ફરીથી રૂ. ૧૦૧ વિઠ્ઠલચરણે અને રૂ: ૫.૦૦ પૂજારીને અર્પણ કર્યા.

**જ્ઞાન અંદરથી પ્રગટે છે**

કાશીમાં મહારાજનું ભજન ગોઠવાયું. કાશીના પંડિતો પણ હાજર હતા. મહારાજને તેમણે પૂછ્યું, ''શું ભણ્યા છો?'' મહારાજ કહે, ''આમ કેમ પૂછો છો ?'' પંડિતો કહે, ''તમારા ભજનમાં ઘણા માણસો આવે છે. અમારી સભામાં કાગડા ઊડે છે.'' મહારાજ કહે, ''મેં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી.'' પંડિતો કહે, ''તમારી વાણી શાસ્ત્રસુસંગત છે.'' મહારાજ કહે, ''રામનામના પ્રતાપે હું બોલું છું. હૈયાનાં દ્વાર ખૂલી ગયાં છે.

તમે પ્રભુનામથી હૈયું ભીંજવો તો લોકો તમને ઉમળકાથી સાંભળશે.'' પેલા પંડિતોએ શરમાઈને ચાલતી પકડી.

**શિસ્તના આગ્રહી**

ચિતોડગઢ જવા માટે ઘણા માણસો જોઈને ગાડીવાળાએ રૂ. ૩ને બદલે ભાડું રૂ. ૧૩ કરી દીધું. મહારાજની સૂચનાથી બધા ચાલવા માંડ્યા. એક ભાઈ સૂચનાનો ભંગ કરી ગાડીમાં બેઠા. મહારાજે તેમને ઠપકો આપ્યો. તે ભાઈ રિસાઈને પાછા જતા હતા. બીજાઓએ તેમને મનાવી લીધા. મહારાજ પછીથી પેલાની સાથે ટ્રેનમાં બેઠા. પેલાને હવે પોતાની ભૂલ બદલ પસ્તાવો થયો.

**પ્રભુને કોદરી, પોતે ભાત જમે**

યાત્રાસંઘ છેલ્લે ડાકોર આવ્યો. રેશનિંગના એ જમાનામાં પૂજારીઓ પ્રભુને ચોખાને બદલે કોદરી ધરાવે. પોતે દાળ, ભાત, રોટલી, શાક જમે. મહારાજને નવાઈ લાગી. પૂજારીઓને મીઠો ઠપકો આપ્યો. ચોખા તેમ જ વધેલું બીજું અનાજ મહારાજે મંદિરમાં અર્પણ કરતાં પ્રભુને રોજ રાજભોગમાં ભાત જમાડવા વિનંતી કરી.

**મંત્રમંદિરની સ્થાપના**

સાત અબજ રામનામ લખાઈને આવી ગયાં. એકે એવું સૂચન કર્યું કે મંદિર બનાવવું અને પ્રભુની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા કરીને પધરાવવી. મહારાજે કહ્યું કે, ''મંદિર થાય તો તેના નિભાવના ખર્ચની વ્યવસ્થા વિચારવી પડે. તેના કરતાં મંત્રમંદિર સ્થાપવું સારું.'' પુનિત આશ્રમના ચોગાનના ભૂગર્ભમાં પધરાવવાનું નક્કી થયું. બિંદુ મહારાજના વરદ હસ્તે એ રીતે મંત્રમંદિરની સ્થાપના

થઈ. ઉપર દેરી બનાવી અને રામપાદુકા પધરાવી.

**નેત્રયજ્ઞનું આયોજન**

૧૯૫૦માં સેવાભાવી ડૉક્ટરોના સાથસહકારથી મહારાજે નેત્રયજ્ઞનું આયોજન કર્યું. ૫૦૦ ઑપરેશન સફળતાપૂર્વક થયાં. દરેક દર્દીને મફત ગૉગલ્સ અને નંબરવાળાં ચશ્માં આપવાની મહારાજે વ્યવસ્થા કરી. ડૉક્ટરો પોતાના દવાખાનામાં ઑપરેશન કરે ત્યારે બેચાર ફેલ જાય પરંતુ આ નિષ્કામ સેવાયજ્ઞમાં એક પણ ઑપરેશન નિષ્ફળ ગયું નહીં. સેવાનો પ્રતાપ !

**નિઃસ્પૃહી સંત**

૧૯૫૬માં ધર્મપ્રચારાર્થે મહારાજ પૂર્વ આફ્રિકામાં ગયા. જ્યાં સનાતન ધર્મનો પ્રચાર તેમણે કર્યો. માત્ર આવવા-જવાના ગાડીભાડા સિવાય એકત્ર થયેલા લગભગ ત્રણ લાખ રૂપિયા ત્યાંના સેવાકાર્ય માટે આપી દીધા. બધા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. ધર્મપ્રચાર માટે તો ઘણા આવી ગયા, પણ આવો નિઃસ્પૃહી સંત તો આજે જોયો એમ દરેકને લાગ્યું.

**વાનપ્રસ્થ જીવન**

વિદેશથી પાછા ફરી મહારાજ નિવૃત્તિ તરફ ઢળ્યા. એકાંતમાં પ્રભુસ્મરણ કરવાની ઈચ્છા થઈ. નર્મદામૈયાને તટે બેસવું એવો વિચાર થયો. મોટી કોરલ(જિ. વડોદરા)માં પંચકુબેરેશ્વર મહાદેવનું સ્થળ યોગ્ય લાગ્યું, ત્યાં વાનપ્રસ્થાશ્રમ બાંધી ત્રણ વર્ષ રહેવું એમ નક્કી થયું. જાહેરાત થઈ. પચાસ વાનપ્રસ્થીઓ કુટિર બાંધી રહેવા તૈયાર થયા. મહારાજ ત્રણ વર્ષ માટે આવે છે તે જાણી ગામલોકોને બહુ આનંદ થયો અને શ્રમકાર્ય દ્વારા નડતા તલાવડાને પૂરી દીધું.

**ચરણરજનો પ્રતાપ**

મહારાજે એક વાર કહ્યું કે કીર્તનસ્થાનમાં તો પ્રભુ બિરાજે છે. જ્યાં પ્રભુપદ પડતા હોય તેની રજમાં મહાચમત્કારની શક્તિ છે. એક વૃદ્ધ પટેલના મોઢા પર મોટી રસોળી થઈ હતી. તેને મહારાજની વાતમાં શ્રદ્ધા બેઠી. ત્યાંની રજ લીધી. રોજ ત્રણ વાર રસોળી પર ઘસતા. રસોળી મટી ગઈ. પ્રભુચરણરજનો કેવો ભવ્ય પ્રતાપ !

**કોરલ : જલારામનું વીરપુર**

કોરલની નજીકમાં એક મોટો યજ્ઞ થતો હતો. ત્યાંનાં દર્શન કરી લોકો કોરલ આશ્રમમાં આવતા. મહારાજ પ્રેમથી બધાંને જમાડતા. તે દિવસે તો રાત્રે બે વાગ્યા સુધી લોકોને જમાડ્યા. ચોખા ખલાસ થઈ ગયા છે એવી જાણ કારભારીએ મહારાજને કરી, એટલામાં કોરલના સ્ટેશન માસ્તરે મહારાજને વંદન કરી રેલવે રસીદ આપી. બહારથી પુષ્કળ પ્રમાણમાં ચોખા આવ્યા હતા. તેની રસીદ હતી. અર્વાચીન નરસૈંયાની હૂંડી પ્રભુએ સ્વીકારી.

એક ભગતે ઉઘરાવીને પાંચસો મણ બાજરી કોરલમાં મોકલી આપી. મહારાજે તે સમય દરમિયાન નેત્રયજ્ઞ કરેલો. હજારો માણસો ત્યાં રોજ જમે. ત્યાંની બહેનોએ રોટલા બનાવીને રોજ હોંશે હોંશે પીરસવાની સેવા ઉપાડી લીધી.

મહારાજને મન હિંદુમુસ્લિમ કે ઊંચનીચના ભેદભાવ ન હતા. પંગતમાં બધાં સાથે બેસીને જમતાં.

ત્રણેક વર્ષ કોરલમાં રહ્યા પછી ત્યાં મોટો કાર્યક્રમ યોજાયો. આફ્રિકાથી સંત હીરજી ભગતની સાથે ત્રણસો ભાવિકો આવ્યા

હતા. ગુજરાતભરમાંથી ભજનમંડળીઓ આવી. રોજ પાંચ હજાર ઉપરાંત માણસો આશ્રમમાં જમતા.

૧૯૫૯માં હીરજી બાપાના શુભ હસ્તે સાત અબજ નામ પૃથ્વીના પેટાળમાં પધરાવાયાં.

**જનસેવામાં નરક મળે તો મંજૂર**

એક ભાઈએ મહારાજને હવે જનસેવાની પ્રવૃત્તિ છોડી નિવૃત્તિ સ્વીકારી એકાંતમાં હરિસ્મરણ કરવાની સલાહ આપી.

મહારાજને જનસેવા અને નામસેવા બંનેમાં અગાધ પ્રેમ હતો, પરંતુ પહેલી જનસેવા, પછી હરિસ્મરણ, સેવા કરતાં કરતાં મૃત્યુને ભેટવાનું અને તેમ થતાં કદાચ છેલ્લામાં છેલ્લી કક્ષાનું નરક મળે તો તેમાં જવાની મહારાજની તૈયારી હતી. સેવા કરતાં કરતાં મૃત્યુને આનંદથી ભેટવા મહારાજ તૈયાર હતા. તેઓ જનતામાં જનાર્દનનું દર્શન કરતા.

પુનિત મહારાજ તુલસીદાસની માફક सियाराममय सब जग जानी, करउं प्रणाम जोरी जुगपानी। (આખી દુનિયાને સીતારામનું સ્વરૂપ ગણીને તેમને બે હાથ જોડી વંદન કરું છું.) એવી ભાવના રાખતા.

**રામનામ લેતાં પ્રભુધામમાં**

ગુજરાતના દરેક જિલ્લામાં એક એક વર્ષ ભજનકથા-સત્સંગનો લાભ આપવાનો મહારાજે નિર્ણય કર્યો. તે પ્રમાણે ઈ.સ. ૧૯૬૦માં સુરત અને ૧૯૬૧માં મુંબઈને લાભ આપ્યો.

૧૯૬૨માં મુંબઈથી વડોદરા આવ્યા. વિઠ્ઠલ મંદિર અને રોકડનાથમાં ભજન, કથાના કાર્યક્રમો પૂરા કરીને કાછિયાવાડીમાં કાર્યક્રમ રાખ્યો. ત્યાં રાત્રે ૮.૩૦થી ૯ ભજન અને ૯થી ૧૦

રામાયણની કથા કરી ઘેર આવ્યા. રાત્રે હૃદયરોગનો હુમલો થયો. બે દિવસ બીમાર રહ્યા છતાં મહારાજ સતત 'શ્રીરામ જય રામ જયજય રામ'નો જાપ કરતા હતા. છેલ્લી ક્ષણ સુધી મહારાજ ભાનમાં હતા. છેવટે ગાંધીજીની માફક 'હે રામ' કહીને રામધામમાં ગયા.

મહારાજશ્રીના મૃતદેહને તેમની કર્મભૂમિ અમદાવાદમાં લાવવામાં આવ્યો. અસંખ્ય નરનારીઓએ તેમને અશ્રુભીની અંજલિ અર્પી. ત્રણેક લાખ માણસોએ તેમની સ્મશાનયાત્રામાં હાજરી આપી. શાસ્ત્રોક્ત વિધિ અને રામધૂન સાથે મહારાજના પુત્ર જનકે પિતાને અગ્નિસંસ્કાર કર્યા. ૧૯૬૨ના જુલાઈની ૨૭મી ને શુક્રવારે (ગાંધીનિર્વાણદિને પણ શુક્રવાર હતો) પ્રભુનો પ્યારો પ્રતિનિધિ અભિનવ નરસિંહ એવો સંત પુનિત પ્રભુચરણે પહોંચી ગયો. મા ગુર્જરીના પનોતા પુત્ર, અજોડ જનસેવક, 'જનસેવા એ જ પ્રભુસેવા'નો નાદ ગજાવનાર, સેવાસ્મરણની પ્રવૃત્તિ કરનારી સંસ્થાઓ સ્થાપનાર, કુમાર્ગે ગયેલાંને સન્માર્ગે વાળનાર અને હરિભક્ત સંત શ્રી પુનિત મહારાજને લાખો વંદન....

# ૨. પુનિતવાણી

## સત્યની પ્રાપ્તિ

૧. પવિત્ર અંત:કરણને જે સત્ય સમજાય તેને વળગી રહેવાથી સત્યની પ્રતીતિ જરૂર થાય છે.

૨. હૈયામાં જ્યારે અસ્થિરતા અને શંકા ચોમેર છવાઈ જાય ત્યારે અંત:કરણના અવાજને જ પ્રમાણભૂત માનવો.

૩. આંખમાં કસ્તર પડે ત્યારે કોઈ વસ્તુ બરાબર જોઈ શકાતી નથી. તેમ, વાસનાભર્યા હૃદયમાં આત્માનું સ્પષ્ટ દર્શન નથી થતું.

૪. જ્યાં સુધી મૌન આપણો ભોમિયો નહીં બને ત્યાં સુધી સાચા શબ્દને શોધવામાં સફળતા સાંપડશે નહીં.

૫. સદ્‌વિચાર, સાચી વાણી અને સદ્‌વર્તન માનવજીવનની વિકાસ ત્રિવેણી છે.

૬. વિષયચિંતન એ વિનાશનો પાયો છે, જ્યારે પ્રભુચિંતન વિકાસનો પાયો છે.

૭. 'પાપને તજો અને હરિને ભજો' એ સર્વ શાસ્ત્રોનો સાર છે.

૮. ઇચ્છા રૂપી અગ્નિમાં વિષય રૂપી ઘીની આહુતિ આપશો નહીં.

## સેવા

૯. સેવાની તક આપવા બદલ પ્રભુનો ઉપકાર માનો, અને સેવાનો સ્વીકાર કરનારનો પણ આભાર માનો.

૧૦. સેવાનું સાચું સ્તર જાળવી રાખવું છે ? તો સન્માનની

આશા રાખશો નહીં.

૧૧. તમારે ખરેખર સાચી સેવા કરવી છે ? તો તમે એવી ગુપ્તતા જાળવીને કરો કે જેની સેવા કરો તેને પણ તેની જાણ થાય નહીં.

૧૨. સેવા સ્વીકારનાર વ્યક્તિને જે કંઈ મળે છે તે તેના પૂર્વજન્મના પુણ્યપ્રતાપે મળે છે. સેવા કરનાર તો માત્ર નિમિત્ત જ છે.

૧૩. કરેલી સેવાને ભૂલી જવામાં આનંદ છે. આટલું કરશો તો તમે ઈશ્વરના પ્રીતિપાત્ર બનશો.

૧૪. સેવા બદલ સેવાની આશા રાખવી એ સેવાધર્મને છેહ દીધા બરાબર છે.

૧૫. હૃદયની સાચી શાંતિ અને બીજા માણસને સહાયરૂપ થવાનો પવિત્ર સંતોષ એ જ સેવાનો શ્રેષ્ઠ પુરસ્કાર છે.

## સ્નેહ

૧૬. પ્રેમનો દીવો પ્રગટાવવા માટે ત્યાગનું તેલ પહેલાં પૂરું પાડવાનું રહેશે.

૧૭. પાવા અને પીવા જેવો તો સ્નેહનો અમૃતરસ છે. તેને બદલે માનવી વેરનાં વિષ ઘોળે છે.

૧૮. જો પ્રત્યેક માનવીનું હૃદય પ્રેમની પરબ જેવું બને તો નરકાગાર સમી પૃથ્વી સ્વર્ગ જેવી બની રહે.

૧૯. પ્રેમધર્મીનું કાર્ય એ છે કે પ્રેમના સેતુનું સર્જન કરવું અને દુર્ગુણોની દીવાલોને દફનાવવી.

૨૦. સંપત્તિ વડે દેહને ખરીદી શકાય, સત્તા દ્વારા દેહને દંડી શકાય, પરંતુ માત્ર સ્નેહ દ્વારા જ દિલને જીતી શકાય.

૨૧. સૌના જીવનમાં હંમેશાં સુગંધિત ફૂલો પાથરવાથી તમારો જીવનપંથ પણ સહેજે સુવાસિત બની રહેશે.

૨૨. જ્યારે માનવીની મનોવૃત્તિનાં પ્રવૃત્તિવર્તુળોનું કેન્દ્ર સ્વ (સ્વાર્થી) મટી સર્વ બને છે ત્યારે માનવી વ્યક્તિ મટીને વિભૂતિ બની જાય છે.

૨૩. કોઈના ઘા પર સુંવાળો મલમ લગાવી ન શકો તો વાંધો નહીં. પરંતુ મીઠાનો મલમ ચોપડશો જ નહીં.

### બાળક

૨૪. દરેક નવું જન્મેલ બાળક ઈશ્વરનો એવો સંદેશો લઈને સંસારમાં આવે છે કે હજી ઈશ્વરને માણસજાતમાં શ્રદ્ધા છે. બાળક એ પરમાત્માનો પ્રતિનિધિ છે.

૨૫. બાળક જન્મે છે ત્યારે ખર્ચની દષ્ટિએ માબાપની ચિંતા વધે છે, તેમ ઘડપણની ચિંતામાં ઘટાડો થઈ જાય છે.

૨૬. નાના શિશુની જેમ નિર્દોષ બનો. એના દિલમાં 'મારું', 'તારું' હોતું નથી. જ્યારે જુઓ ત્યારે તેના મોં પર હાસ્ય ફરકતું હોય છે. બાળકને કોઈ જાતનો વિરોધ કે ક્રોધ હોતો નથી.

૨૭. બાળપણમાં જેવું બી વવાયું હશે તેવો જ છોડ યુવાનીમાં ઊગશે. બાળમન કેમેરા જેવું હોય છે. તે જેવું જુએ છે એવું જ દશ્ય તેના હૈયામાં આબેહૂબ ઊતરે છે. બાળકમાં ખરાબ સંસ્કાર ન પડે તેની કાળજી રાખો.

### લગ્ન

૨૮. સ્નેહના તાર વડે હૈયાં ગૂંથાય અને અલગ મટીને એકરૂપ થવાય તેનું નામ લગ્ન. લગ્નવિધિની સાથે જે ભાગીદારીની

પેઢી શરૂ થાય છે એ પૈકી એક જણનું મૃત્યુ ન થાય ત્યાં સુધી એ અખંડ ચાલતી રહે છે. પછી ભલે નફો ન કરે કે ખોટ.

૨૯. લગ્ન માત્ર બે દેહની જ મૈત્રી નહીં, બે આત્માની એકતા પણ છે જ. પતિપત્ની લગ્નના એકબીજાના કોલકરાર દ્વારા સુખદુ:ખના સાથી બનવા સંકલ્પ કરે છે.

૩૦. લગ્ન કર્યા પછી જીવનનો તાલ બેસૂરો બનવો ન જોઈએ. બંનેની ચાલ એક જ હોવી જોઈએ. મારું એ તારું અને તારું એ મારું આવો સ્નેહ બંનેના હૈયે ઊભરાવો જોઈએ. બંનેએ એકબીજાની ઢાલ બનીને જીવનસંગ્રામનો સામનો કરવો રહ્યો.

### દામ્પત્ય

૩૧. દંપતીના જીવનની ઈમારત વિશ્વાસના પાયા પર રચાયેલી હોય છે. એકના પાયામાં પણ શંકાનો લૂણો લાગે તો ઈમારત ભયમાં મુકાય છે.

૩૨. ગૃહસ્થાશ્રમની ગાડીનાં બે પૈડાં એટલે પતિપત્ની. આકારપ્રકારમાં બે ચક્રો એકસરખાં હોય તો જ ગાડી બરાબર ચાલે. નાનાંમોટાં કે વાંકાંચૂકાં હોય તો ગાડી બરાબર ચાલે નહીં. ક્યારેક અકસ્માત પણ થઈ જાય.

### ગૃહિણી

૩૩. પતિપ્રેમી પત્ની દુ:ખમાં સુખ નીરખે છે, જંગલને મંગલ માને છે, અમાસને પૂનમ ગણે છે, પરંતુ પ્રીતમનો સહવાસ હોય ત્યારે જ આમ બની શકે.

૩૪. ઘર ભલેને ગમે તેવા ફર્નિચરથી શણગારેલું હોય; પણ

ઘરની સાચી શોભા સ્ત્રી છે. પુરુષને ખબર ન પડે તે રીતે પુરુષની ઘણી ભૂલો સ્ત્રીઓ યુક્તિથી સુધારી લે છે.

૩૫. ઘરની શોભા છે નારી. શેઠ વિનાની પેઢી જેવી રીતે ઢંગધડા વગરની હોય છે, તેવી રીતે સ્ત્રી વિનાનું ઘર ઢંગધડા વિનાનું હોય છે.

૩૬. ''જેને મળે અવળી નાર, એનો એળે ગયો અવતાર. જેને મળે નબળો ભરથાર, એનો માથે પડ્યો મનખો. કુભાર્યાનો થાયે યોગ, એનો લાગી જાયે ભોગ.'' જે ઘરમાં કુસંસ્કારી સ્ત્રીનું ચાલે છે (વર્ચસ્વ હોય છે) એ ઘરનો પુરુષ મિત્રોને મદદ કરી શકતો નથી, કે સત્યકાર્યમાં સહાયભૂત પણ થઈ શકતો નથી.

## સ્ત્રી અને પુરુષ

૩૭. વિદ્વાન વક્તાને ગુણવાન શ્રોતાનો, નમણી વેલડીને વૃક્ષનો અને સુશીલ સન્નારીને સુયોગ્ય પતિનો સાથ મળવો જોઈએ.

૩૮. પતિ એટલે વર અને વર એટલે શ્રેષ્ઠ, તેથી પતિએ આચરણ દ્વારા જીવનમાં શ્રેષ્ઠતા સ્થાપવી જોઈએ. સર્વગુણસંપન્ન પતિ મળે તો સ્ત્રીપુરુષની સમાનતા કે હરીફાઈનો પ્રશ્ન જ અર્થહીન બની જાય.

૩૯. પુરુષ કાર્યકુશળતામાં સ્ત્રી કરતાં ભલે ચડી જાય, સ્મરણશક્તિ અને સામાજિકતામાં સ્ત્રી જ અગ્રેસર હોય છે.

૪૦. પુરુષોમાં માત્ર દષ્ટિ જ હોય છે, જ્યારે સ્ત્રીઓમાં તો દષ્ટિ ઉપરાંત દીર્ઘદષ્ટિ અને દિવ્યસૃષ્ટિ પણ હોય છે જ.

## પત્ની

૪૧. જેની સાથે મોંઘા માનવજીવનનાં ૧૫-૨૦ વર્ષ પ્રેમથી ગાળ્યાં હોય એવાં બધાં સગાંનો સાથસહકાર ત્યજીને, જેમને જીવનમાં કોઈ દિવસ જોયા નથી એવા અજાણ્યા શ્વસુર ગૃહે જઈ, દૂધમાં સાકર ભળે તેમ પોતાનું અસ્તિત્વ અર્પી દેવું એ સામાન્ય ત્યાગ નથી. આવી હિંમત માત્ર સ્ત્રીઓ જ દાખવી શકે. પુરુષોનું આવું ગજું નથી..

૪૨. સમગ્ર વિશ્વમાં ભારતીય નારીનો જોટો મળવો દુર્લભ છે. લગ્ન બાદ એની દૃષ્ટિ અને સૃષ્ટિ બદલાય છે. કર્તવ્યની કેડી એ કદી ચૂકતી નથી. સર્વસ્વ પતિચરણે ધરી દે છે. અને સ્નેહથી સદાય ઝૂકે છે. પતિને પરમેશ્વર ગણે છે.

## સ્વજન

૪૩. આફત આવી પડે છે ત્યારે જ સાચા સ્નેહી અને શત્રુની ઓળખ થાય છે.

૪૪. ઈશ્વરની ભક્તિમાં કે દરેક સત્કાર્યમાં જે હર્ષભેર સાથ, સહકાર આપે તે સાચાં સગાં ગણાય. બાકીનાં બીજાં બધાં સ્વાર્થનાં સગાં છે. એ દૃષ્ટિએ મદાલસા સાચી માતા, વ્યાસ સાચા પિતા, ભરત અને લક્ષ્મણ સાચા ભાઈ અને ધ્રુવ સાચો દીકરો હતો. માયા-મમતા છોડાવે તે જ સાચાં સગાં-સ્વજન છે.

૪૫. પૂર્વના પુણ્ય પ્રતાપે કોઈ સ્વજન સંયમના આદર્શને ખરા દિલથી આવકારે, તો તેને મદદરૂપ થવું, અવરોધ કરવો નહીં.

## સાસુવહુ

૪૬. સાધારણ રીતે સંસારમાં સાસુવહુનો સંબંધ ઉંદર-બિલાડી જેવો જણાય છે. પરંતુ ખરી રીતે એ સંબંધ જલમીન જેવો હોવો જોઈએ. સાસુવહુ વચ્ચે સુમેળ એટલે સોનામાં સુગંધ ભળે.

૪૭. ઘરને સ્વર્ગથી પણ સુંદર બનાવવું હોય તો સાસુવહુ વચ્ચે સુમેળ જરૂરી છે. સાસુ વહુને પુત્રી જેમ રાખે, અને વહુ સાસુને માતા જેમ ગણે.

## વિધવા

૪૮. હું તો એટલી હદ સુધી હિમાયત કરું છું કે ગંગાસ્વરૂપ કહેવાતી વિધવા સ્ત્રીના શુકન સાથે જ કાર્યનો આરંભ કરવો. આવો નવો અખતરો અજમાવી જુઓ. યોગ્ય ફળ ન મળે તો હું જામીન થવા રાજી છું.

૪૯. વિધવાનું જીવન સંત જેવું હોય છે. દુ:ખના ડુંગરની વચ્ચે તે ફૂલની માફક હસતી રહે છે. અપયશ અને અપમાન મળે તોપણ તે પ્રેમથી પચાવી શકે.

૫૦. વિધવા સ્ત્રી ચંદન જેવી છે. ચંદનને કાપો, બાળો કે ઘસો તોપણ તે સુગંધ આપે છે. ઘર અને સમાજનાં મહેણાંટોણાં ખાવા છતાં મન અને કાળજાને કઠણ રાખીને તે જીવન જીવે છે.

## સંતાન અને માતાપિતા

૫૧. પોતાનાં માબાપની આંતરિક ઇચ્છાઓને ઓળખીને તે પ્રમાણે વર્તે તે સમજદાર સંતાન. સંતાનોની સાચી સમસ્યાઓને સમજીને સ્નેહથી તેનો ઉકેલ લાવે તે શાણાં

માબાપ ગણાય.

૫૨. માબાપે નકામી કચકચ બંધ કરી દેવી જોઈએ, નહીં તો આમન્યા જાળવતાં બાળકો બેકાબૂ બની જવાની શક્યતા રહેશે.

૫૩. વૃદ્ધાવસ્થામાં વનમાં જવાની જરૂર નથી. વનમાં રહેતા હો તેમ ઘરમાં રહેતાં શીખો. સગાંસંબંધીની મદદ પડતી મૂકીને હજાર હાથવાળા પ્રભુનો સથવારો સ્વીકારજો.

## વડીલ પ્રત્યેની વર્તણૂક

૫૪. અણસમજ બાળકની બાબતમાં આપણે જેમ કશું જ મનમાં લેતા નથી, તેમ નિર્બળ બનેલાં ઘરડાં માબાપનાં વિવેકહીન વાણી, વિચાર, વર્તન અંગે પણ ઉરની ઉદારતા રાખવી. તમારા બાળપણમાં તેમણે ઘણું જતું કર્યું છે, એટલે તેમના ઘડપણમાં તમે પણ થોડુંઘણું જતું કરજો. વૃદ્ધોને ભૌતિક સગવડ ઉપરાંત હૈયાંની હૂંફ આપો. તેમની વાતો શાંતિથી સાંભળો, અને શક્ય હોય તો સહાનુભૂતિથી ઉકેલ લાવો. તેઓ માત્ર નિરપેક્ષ કુટુંબ-વાત્સલ્ય ઝંખે છે.

૫૫. અનુભવની ઊંચી ટેકરીએ ઊભા રહેનારને દૂરનું દેખાય છે. તેથી અનુભવીઓની અવગણના કદી કરશો નહીં.

## ઘર

૫૬. ગોવિંદના ગુણગાનની ગંગોત્રી, સત્સંગની સરવાણી અને હરિરસની હેલી હોય તો ઈશ્વરનો અનુગ્રહ, માલિકની મહેરબાની અને પ્રભુની પ્રસન્નતા મળે છે.

૫૭. જ્યાં સત્પુરુષોનું પ્રેમથી સ્વાગત થતું હોય, અને

અતિથિને ઉમળકાભર્યો આવકાર મળતો હોય તેનો ગૃહસ્થાશ્રમ ગૌરવ ભરેલો છે.

૫૮. વધુ સાંભળવું, ઓછું બોલવું અને જરૂરી પગલાં લેવાં. ઘરમાં કોઈ પણ સભ્યને અસંતોષ ન રહે તેવી રીતે ઘરનો વહીવટ ચલાવવો.

## અવસર ઓળખો

૫૯. જ્યાં સુધી કાયા સાજી છે અને હાથમાં બાજી છે ત્યાં સુધી રામને રાજી કરી લો. શરીર નબળું પડ્યા પછી મનની ઈચ્છાઓ મનમાં જ રહી જશે. ઘડપણમાં ગોવિંદના ગુણ ગાવાનો ખ્યાલ ખોટો છે. આ કામ તો યુવાનીમાં જ કરવાનું છે.

૬૦. સમજો તો બધી પળ લાખેણી છે; ન સમજો તો એક પણ લાખેણી નથી.

૬૧. પ્રારંભિક પરાજયથી કદી પરાસ્ત થશો નહીં. સતત સંગ્રામ ખેલતા રહેશો તો તમારો જ વિજય થશે.

૬૨. તન અને મનની બધી શક્તિઓને કામે લગાડીને મનની સમતુલા જાળવી રાખે એ ધેરી, ગંભીર કટોકટીને પણ પાર કરી શકશે.

૬૩. વિજય વેળા અભિમાનથી દૂર રહેવું અને પરાજય વખતે હતાશાને ખંખેરી નાખવી એ મોટી બહાદુરીનું કામ છે.

૬૪. પ્રારબ્ધની ઊંડી ખીણમાં સખત પુરુષાર્થની માટી નાખતાં રહીશું તો એક દિવસ તે જરૂર પુરાશે.

૬૫. હિંમત હારશો નહીં. ફરીથી પ્રયત્ન કરો. જીવનસાગરને તળિયે બેઠેલું સફળતાનું મોતી તમારી એકાદ નવી ડૂબકીની

રાહ જોઈ રહ્યું છે.

## જીવન

૬૬. શિસ્ત અને સંયમ વિનાનું જીવન લગામ વિનાના ઘોડા જેવું છે.

૬૭. કેટલાક માણસો મરવાને વાંકે જીવે છે, કેટલાક જીવવા ખાતર જીવે છે, પરંતુ મરીને જીવી જનારા કોઈક વીરલા જ પાકે છે.

૬૮. જેટલા પ્રમાણમાં જીવનની જરૂરિયાતો વધારશો તેટલા પ્રમાણમાં દુઃખને આગ્રહભર્યું અને આકર્ષક આમંત્રણ આપ્યું ગણાશે.

૬૯. જેટલે અંશે બીજાને ઉપયોગી થવાય તેટલે અંશે જીવન સાર્થક થયું એમ માનવું.

૭૦. જીવન આજીવિકા માટે નથી, આજીવિકા જીવન અર્થે છે.

## સુખદુઃખ

૭૧. સુખી થવું હોય તો નીચેના શબ્દો જીવનમાં ઉતારશો. બનશે, ફાવશે, ગમશે, નભશે, ચાલશે, પરવડશે.

૭૨. જીવનમાં સચ્ચાઈ, સાદાઈ અને સંતોષ હશે તો સુખ સામે પગલે તમને શોધતું આવશે.

૭૩. કામનામુક્ત ચિત્તનો પ્રસન્ન પરિતોષ એટલે સુખ.

## વિપત્તિ

૭૪. મિત્રોની વફાદારી અને સંબંધીઓની સચ્ચાઈનું સાચું માપ કાઢવા માટેનો ગજ એ વિપત્તિ છે.

૭૫. વિપત્તિ એ જ સંપત્તિ છે. અને આફત એ જ આશીર્વાદ છે, એ ખ્યાલ સત્યની વધારે નજીક છે.

## દ્રવ્ય

૭૬. દ્રવ્ય એટલે દ્રવે અને વહે તે. જે વસ્તુ વહેનારી હોય તેને, વહેવડાવવાને બદલે, બંધિયાર અવસ્થામાં રાખી મૂકીએ તો તે ગંધાઈ ઊઠે.

૭૭. ધનનો સદુપયોગ યોગ્ય રીતે કરી જાણે તેનું જ ધન ધન ગણાય.

૭૮. કેવળ પૈસાને જ પરમેશ્વર માનીને તેનું પૂજન કર્યા કરશો તો શયતાનની જેમ તમે ભ્રષ્ટ અને નષ્ટ થશો.

૭૯. જ્યારે સંપત્તિરૂપી માતા આવે છે ત્યારે તે સંતાપરૂપી સંતાનોય સાથે તેડી લાવે છે.

૮૦. ધર્મ દ્વારા મળતા ધરતીના આસનને આવકારજો પરંતુ અધર્મ દ્વારા મળતા ઇંદ્રાસનને ઠુકરાવજો.

૮૧. માણસ પૈસાને બચાવે એ જરૂરી છે, પણ એ પૈસાથી માનવં માનવને બચાવે એય જરૂરી છે.

## કર્તવ્ય

૮૨. જીવનક્ષેત્રમાં તમારે ફાળે જે કર્તવ્ય આવી પડે તેને શુદ્ધ બુદ્ધિથી, ગજા પ્રમાણે, ઉમંગથી સદા કરતા રહેજો.

૮૩. આવડત મેળવીને હક ભોગવવાનો ભલે આગ્રહ રાખો, પરંતુ પહેલાં ફરજ બજાવવા પણ તત્પર રહો.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

**ISBN 81-7229-237-6 (set)**